ત્યાં તો હાંફતો નટવરલાલ આવ્યો મુજ સમીપે

ને હું પખાળી રહ્યો 'તો સરનાં
બન્ને ચરણપદ્મને !

જુલાઈ ૦૩ ,૨૦૦૭
================================

=========
**386**

ટીક ટૉક ટીક
તાલબદ્ધ ચાલો
સમયની સાથ
ઠીક ઠાક ઠીક .

============

================
**385**

અડાબીડ જંગલો .
અવાવરું વાવડી .
ઘટાટોપ વાદળો .
ચકાચોંધ વીજળી .
કેવાં છે જગજનો .
જઈ વસે ગામમાં .

જુલાઈ ૧૯ ,૨૦૦૭
============

=============================

**384**

===========

આંખોના મેહ !

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

====================================

ગરજી ગરજી વરસ્યો વરસ્યો મેહો
અનરાધાર .
જેમ ધ્રુસકે ધ્રુસકે રોયો 'તો હું
એકવાર ચોધાર .

====================================

=========================

=========================

**383**

ભર બપ્પોરે વાયુ વાયો શીતલ ઠંડો
ઠંડો
પવનપૂત્રે સૂરજને માથે માર્યો
જાણે દંડો .

=========================

==============

382

ધડાકા અને ભડાકા થાય ;
તણખા એના આભે ઊડે .
આંખને એ જોવું તો ગમે ;
શુ ં સ્થાપિત વ્યવસ્થા રડે ?

કહેવું હોય તે કહો સહુ ;
ને મર્યાદામાં રહો સહુ .
તાવ આવે તો ઝેર નહીં
દવા આપો ;એમ હું કહું .

==============

================================

381

ઓળંગી બચપણ જુવાની જેમ જઈ વળગે
કન્યાને .
સવારનો સૂરજ બપોર ઓળંગી જઈ વળગે
સંધ્યાને .

================================
=====

૩ ૮ ૦

=============

હું માગતા ભૂલ્યો !

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
==========================

તમે તો બહુ ભલા ,બહુ ભોળા નીકળ્યા .
અમે ધાર્યું તું એથી વધુ ઉદાર
નીકળ્યા .
અમે ડરી ડરી રુપિયા માગ્યા
અગિયાર
ને તમે ફટ દઈ દીધા અગિયાર હજાર .

જુલાઈ ૦૧ ,૨૦૦૭
==========================

૩૭૯
=============
અંતરપટ !

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
==============================

પીઠ પાછળ ખંજર ભોંકે ,દુશ્મનની
મજાલ છે ?
કોણ બીજું હોઈ શકે ?કોઈ મિત્રની આ
ચાલ છે .

માનતો 'તો કે તરસ મારી નીર જ પૂરી
કરશે .

બે ઘૂંટ શુ ં પી ગયો ;નીરમાં આવી
કમાલ છે ?

બાગ હતો ,ફૂલો હતાં ,ફોરમ હતી ને
તુંયે હતી .
બાગ કે ફૂલો નથી ,ફોરમ નથી ;તુંયે
સવાલ છે .

બખોલમાં બેઠું કબૂતર ઘુંટર ઘું
ઘુંટર ઘું કાં કરે ?
છેતો સાવ એકલું તો પણ ધમાલ ધમાલ
છે ?

પ્રવીણ કહો હવે જગમાં સાચું શું
ને ખોટું શું છે ?
રહી શ કાય તો ઘર નહિતર ઈંટોની
દીવાલ છે .

જૂન ૨ ૨ ,૨ ૦ ૦ ૭
================================
૩ ૭ ૮
===========
બમ્ બમ્ ભોલે !
શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
=================

આ દુનિયાથી અલગ છે મારી રફતાર
ચાલી શકાય તો ચાલો તમે પણ ,યાર !

રાતે ઊંઘને સૂંઘવા પણ નથી દેતો ,
અને દિવસે ઊંઘત ો નથી પલવાર !

થોડી ભૂખે ખાઈ લઉં શબદ બે -ચાર ,
બહુ ભૂખે લખી નાખુ કાવ્યો દસ -બાર !

વાંચવાનું મન થાય તો જોઉં આકાશે ;
વાંચી નાખું નવલખ શબ્દ પારાવાર !

ભલે હાથની રેખાઓ પડી વાંકીચૂંકી ;
સીધી -દોર કરી દઉં વાંકી રેખાધાર !

આ દુનિયાથી અલગ છે મારી રફતાર
પ્રવીણ બોલે ચાલો ,તમે સહુ
દોસ્તાર !

જૂન ૨૧ ,૨૦૦૭
==========================
========

૩૭૭
પ્રથમ દેવળ કે પ્રથમ ઘર ?

પ્રથમ ઘર કે પ્રથમ દેવળ ?

વિચાર ના ,પ્રભુ ધ્યાન ઘર .

આપશે એ દેવળ અને ઘર .
==================================

૩૭૬

==============

માટીનું માટીમાં !

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

==================

આ મારું મારું શું કરે રે !

તારું નથી અહીં કાંઈ રે .

લાખોની ભલે વાતો કરે .

તારી નથી એક પાઈ રે .

==================

=====================================

૩૭૫

===========

તંબૂર બોલે ...

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

==================================

હવે મુજથી રહેવાતું નથી ઘડીભર
તારા વગર

ડોક ટટ્ટાર નથી ગર્વથી .શોધી રહી
તને ઉપર .

====================================
=========================================
૩૭૪
==============

આ તે કેવો જણ ?

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

=======================

કણ કણ કાજ કણસતો જણ

મણ મણ કોઠે ધરબ તો જણ

તંદુરસ્તી કાજ તડપતો જણ

કોઈનું યે ધન હડપતો જણ

એકલ આવ્યો જગતમાં જણ

એકલ જવાનો જગતથી જણ

તો પણ કાંઈ ન સમજે જણ

પાછળ મૂકી બધું સરકે જણ

====================

====================================
૩૭૩

## સંતૃપ્તિ

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

====================

હશે જરુર તમને ,ના અમને .
ક્યાં કહું છું હું કાંઈ તમને ?
હુંતો છું ત્યાંનો ત્યાં જ હજી .
ભલે વસો રંગમહેલોમાં તમે .
આવો !
ઘર મારું ત્યાંનું ત્યાં જ છે .
‘ભલે પધારો ‘
તકતી હજી ય ત્યાં જ છે .

====================
===================================
૩૭૨
=========

એક સરખા !

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

========================

કોઈ દિન છોટા ,કોઈ દિન મોટા ;
કોઈ દિન હસતા ,કોઈ દિન રોતા ;
વાત વાતમાં વીતી જશે દિન ;
રોતાં હસતાં અને હસતાં રોતાં .

========================
==========

૩ ૭ ૧

==========

મૌનને હવાલે !

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

=====================

સતત સળગતાજ રહેવું છે .
જગતનું સહુ દુખ સહેવું છે .

આખરી વારજ બોલી લીધું .

હવે મૌન કહેશે જે કહેવું છે .

=====================

==========

૩૭૦

કાગળની હોડી

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

===================================

કાગળની નૈયા ચાલી કરવાને જળ - વિહાર .

કાચી માટીની કાયા ચાલી કરવા ભવપાર .

થોડું ચાલી ડૂબવું નક્કી આ સંસારનો સાર .

તો ચાલો મનવા ડૂબવા ;આવે ભવનો પાર .

==============================================

=============

સાચું તો આ છે !

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

============================

કોઈ નથી કરતું કંઈ કોઈની પર ઉપકાર .

પુરાણી લેવડદેવડનો સહુ ઉતારે છે ભાર .

============================

મે ૨૨,૨૦૦૭

===================================

===

૩૬૮

=========

દૂર રાખો !

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

====================================

જગતમાં સહુ સારી વસ્ત ુઓ પાસે હોવી જરુરી નથી .

ચાંદતારા છે તો સારા તેથી પાસે
હોવા જરુરી નથી .

========================================

૩ ૬ ૭

સફળ

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

==========================

કેવું સફળ રહ્યું અભિયાન અમારું ?

બહું સફળ રહ્યું અભિયાન અમારું .

યાન ઉડ્યું કો 'પણ વિધ્ન વિ ના .

બે ઉલ્કાઓ પડી ,યાન પાછું ફર્યું .

બાકી સફળ આ અભિયાન અમારું .

===========================

૩ ૬ ૬

સ્વાગત

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

=====================================

તમે લઈ જશો તો લઈ જશો મને બસ કબર સુધી ;

સફર તો મારે જ કરવાની છે મારા નવા ઘર સુધી .

મિત્રો ,માઠું ના લગાડતા જો સાથે ન લઈ જઈ શકું .

ઘર છે નવું ,તમો કાજ સજાવું ,બસ થોભો ત્યાં સુધી .

=====================================

=====

૩૬૫

==========

નવો જમાનો !

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

========================

ધોતિયું ટોપી શહેરમાં પહોંચ્યાં
ને ગામડે પહોંચ્યાં નેક્ ટાઈ હેટ ;
ઘરમાંથી બિલાડી ભાગી બહાર
જરા હાઉસમાં જ્યાં બોલ્યો રૅટ .

આ નવો જમાનો દોડતો આવ્યો
ભઈલા ,ધરતી હવે વરસશે મેહ ;
વનનાં વૃક્ષો જ હવે દૂધ આપશે
ને ગાય -ભેંસોને થાશે મધુ -પ્રમેહ .

વૃક્ષની ડાળીઓ ચૂસતાં ચૂસતાં
દીકરા ને વહૂ આવી વાતો કરશેઃ
બાપા માને ધાઈ મોટા થ્યાત ા
માને તો બહુજ દુઃખ પડ્યું હશે .

નથી જીવવું હવે આ દુનિયામાં
જ્યાં જોઈ છછુંદરને ભાગે સાપ .
નવો જમાનો નવતરને મુબારક
ભાગો ભાઈ ભાગો ,બાપ રે બાપ .

========================

====================
==============
૩૬૪
અકસીર ઈલાજ
શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
===================

ચીંચીં ચીંચીં ચકલી બોલી
ચૂં ચૂં ચૂં ચૂં કરે છે ઉંદર .
શોભામાં અભિવર્ધન કરતો
હૂપા હૂપ કરે છે બંદર .

વાદળો છાયાં ચારેકોર .
જોઈ મોર કરે કલશોર .
હૈયું મારું થા થૈ નાચે .

નજર ફરે ઘરની કોર .

ચકલી ઉંદર મોર બંદર
જોઈ રહ્યાં મારી ઓર .
નજર મારી પડી ત્યાં
ભાગ્યાં સૌ જંગલ ઓર .

હું પણ ભાગ્યો
જાણે કે કોઈ ભાગે ચોર .

===================

૩ ૬ ૩
આંધળી મા !
શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
=====================

લખાવ્યો છે પત્ર મેં ;
વાંચ યા ફાડી નાખ .
જવાબ ના જરુરી છે ;
વાંચવા છે ના આંખ .

=====================
========
૩૬૨

===========
દરિયાવ દિલ !
શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

==========================

તમે તો ઘણા દિલદાર નીકળ્યા .
અમે તો ખોબો પાણી માગ્યું ’તું
અને તમે તો દરિયો દઈ દીધો .
તમે તો ઘણા દિલદાર નીકળ્યા .

==========================

=========

૩૬૧

રાત એટલે ?

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

==============================

રાત એટલે દિવસની બીજી બાજુ નહીં .
પણ દિન પર પડછાયાઓનું આક્રમણ .
વાદળો ઘટાટોપ છવાઈ જાય દિનપર .
રાત છે પડછાયાઓનું સામટું
સંક્રમણ .

=============================

=========

૩ ૬ ૦

પ્રેમ એટલે ?

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

======================================

પ્રેમ એટલે ! ? . , ; આવું બધું હોય કેમ ?

પ્રેમ એટલે પ્રેમ ,પ્રેમ ,પ્રેમ .બસ ,
પ્રેમ અને પ્રેમ .
સતત વહેતું નિર્મળ ગંગાજળ .પ્રેમ
હોય ગંગા જેમ .
પ્રેમ એટલે નરનારી જ નહીં ;પશુ -
પક્ષી નહીં કેમ ?

પ્રેમ એટલે સહુ કોઈ ;હોય સહુનું
એમાં કુશળ -ક્ષેમ .
પ્રેમ એટલે પ્રે મ ,પ્રેમ ,પ્રેમ .બસ ,
પ્રેમ અને પ્રેમ .

=====================================

=========================
હાઈકૂ
શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
====================

૩ ૫ ૯
ફળ અન્નનાં
પૂર ;પેટનો ફૂવો
ખાલી ને ખાલી
------------
૩ ૫ ૮
વીજકડાકા
મેઘ અનરાધાર
લીલો દુકાળ
--------
૩ ૫ ૭
હુંસાતુંસીનો
ખેલ ;ભેરુ આખડે .

ઝરે તણખા .
-------
૩ ૫ ૬
વધતું પેટ ,
વય ;ખેલ આયુનો
કાળ ખેલતો .
=================

૩૫૫

ભૂલશો ના !
શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
==================

યાદ રાખો જગ આખુંય ભૂલે તમને
પણ ઘરનાં કદીય નહિ ભૂલે તમને .

વિદ્વાન તમે ,જગ જ્ઞાન લેવા આવશે ;
અનુભવી તમે ,અનુભવનો લાભ લેશે ;
પૈસાદાર તમે ;ધનની લાલચે આવશે ;
બોદા આમાં તો કોઈ ભાવ ન પૂછશે .

અપંગ ,અભણ છો ,છો બિનઅનુભવી ,
ગુનેગાર છો ,જેલમાં સડ્યાં ,તેથી
શું ?
જગત આખું પીઠ ફેરવીને ઊભું હશે ,
ઘરવાળાં જ સહું ખમ્મા ખમ્મા કરશે .

યાદ રાખો જગ આખુંય ભૂલે તમને
પણ ઘરનાં કદીય નહિ ભૂલે તમને .

==============================

૩ ૫ ૪

ચિંતા ના કરો !

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

============================

જુઓને આ રાતના બાર વાગી ગયા .
તમારા ભાઈ હજી ઘરે નથી આવ્યા .
શોક જરી ના કરો તમે મારી બાઈ ;
આ એમનો શોખ ,જરીય ના નવાઈ .

============================

====

૩ ૫ ૩

મોંઘા છે દામ !

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

======================

જરુરી એવી કોઈ પણ વસ્તુ

મફત મળવાની ના જગમાં ;

માગવા જાઓ ભલે ને દુખ ;

મોંઘું થઈ જાશે એક ક્ષણમાં .

=====================

=====

૩ ૫ ૨

જગત આવું જ છે !

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

======================

બનો મહાત્મા ,ફાંસી તૈયાર છે ;

ઉગાડો ગુલાબ ,કાંટા તૈયાર છે .

======================

=======

૩ ૫ ૧

વાહ રે વાહ !

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

===========================

કાષ્ઠ ,કાથો ,કંકુ ,કફન ,કાંધો ,કબર .

કાયાનો કેવો કમાલનો કારોબાર !

=============================

======

૩ ૫ ૦

સ્મરણ

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

====================================

બાળપણ હતું ત્યારે કેવું બધું યાદમાં રહેતું'તું ?

અડધું તમે ,અડધું અમે , કેવું હવે ભૂલી ગયાં ?

====================================

=====

૩ ૪ ૯

સુભગ અવસર !

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

==============================

હું પણ પથ્થર છું ,તું પણ પથ્થર છે .

ઈશ્વર બનવાનો આ રુડો અવસર છે !

==============================

=====

૩ ૪ ૮

પાછળ પડી ગઈ !

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

========================================

બેઠો હતો ગૂપચૂપ ઘરમાં તો કવિતા ત્યાં આવી ;

ગયો બાગમા ં ફરવા તો કવિતા ત્યાં પણ આવી ;

લ્યો ,શ્વાસની બંસરી બજાવવાનું બંધ કરીને જોઉં ;

મૌન બનીને છાનીમાની કવિતા ત્યાં
પણ આવી .

========================================
====


============

વાહ ભઈ વાહ !

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

=======================

મેઘ આજે પેટ ભરીને વરસ્યા .

તોય *,અમે તરસ્યા ને તરસ્યા .

*તોય =જળ

*તોય =તે છતાં

========================
====

=======

શા માટે ?

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

=======================

બીડી પીનારને હંમેશા બાળે છે ;

જોનારને રોજ બાળે છે ધુમાડો ;

સહુનું બળવું એકદિન છે નક્કી ;

તો આવું રોજ બળવું શા માટે ?

==============================================
===============

====
૩૭૫

પ્રકારે પ્રકારે

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

============================

અમે એના એ,તમે એના એ,ઘર પણ એજ

તો અવાજો કેમ નીકળે છે જુદા
પ્રકારે પ્રકારે

સૂરજ એજ,ચંદ્ર એજ,તારા પણ તેન ા તે જ

તો કેમ વહેલા મોડા થાય છે સવારે
સવારે

પ્રીતની લીધી દીધી અમે કસમ ઉઘાડે
છોગ

કેમ પ્રીત રાતે રાતે ને ઝગડા સવારે
સવારે

છતાં યે જીવી લીધું ને ઘરે ય વસાવી
દીધું

સુખદુખ ,કલહપ્રેમ ,રહ્યાં સાથમાં
પ્રકારે પ્રકારે

પ્રવીણ એમાં નવાઈ શી ?એતો એમ જ હોય .

આ એનું ,તે તેનું ,લેખ ભાગ્યનો
પ્રકારે પ્રકારે

.

========================================

===============

૩૪૪

===============

## સ્નેહ એટલે મૌન !

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

======================

સખી ,તું તો વસે છે પરદેશમાં
ને હું રહેતી આપણા સ્વદેશમાં
હાલ તુજ હું જરા પણ ન જાણું
હાલ મુજ તું જરાપણ ન જાણે

સખી ,
મુ જ દિલની રે વાત કહું
મનનો ભાર જરા તબદિલ કરું
કેટલું છે વહાલ મુજને તુજપર
સહુ વાત તને વિગતવાર કરું

વહાલ ,એ તોલ્યું તોલાય ના
કાટલાં સઘળાં યે ખૂટી પડયાં
શબ્દો યે ઓછા પડયા શું કરું
સખી ,મુગ્ધ હું ,વાત હું શું કરું

મુખથી ઘટે અને મૌનથી વધે
વહાલ સખી મૌનનો મહેલ છે
ચાલ સખી ,મહેલમાં સરી પડું
વહાલ સખિ મૌનને વરેલ છે .

=======================

=========

૩૪૩

# ગુનેગાર !

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

=======================

આવો સરકારી હૂકમ ક્યાંય છે ?

નદી કેમ સતત દોડ્યા કરે છે ?
નદી ને પણ થાક લાગી શકે છે .
નદી બિચારી બિમાર પડી જશે .
દવાદારુ બાપડી ક્યાંથી કાઢશે ?

આ નદીને માટે કોઈક કંઈક કરો .
બાપડી વગર વાંકની કુટાઈ જશે .

જાગો ,અરે સરકાર માબાપ જાગો .
જાગો ,અરે જનગણમન સહુ જાગો .
નદી માટે પેન્સન યોજનાઓ કરો .
નદી માટે સરસ હૉસ્પિટલો બાંધો .
નદીઓની ઈ ંસ્યુરંસ વ્યવસ્થા કરો .

પણ નદીઓને કોણ જાણે શું છે ?
સાલી કદી બિમાર જ પડતી નથી .
લોકો માટે કંઈ કામ છોડતી નથી .
સરકાર માટે કૈં કામ છોડતી નથી .
લોક ,સરકાર એટલે બિમાર રહે છે .
નદીઓ જ આ માટે જવાબદાર છે .

પોતે જાતે કદી બિમાર પડવું નહીં .
લોકને સરકારને બિમાર પાડી દેવા .

આ નદીઓને શું કહેવું ,મારા બાપ !

==========================

=====================

૩૪૨

સરકાર અને વેપાર

રચનાઃ
શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
===================================

સરકાર જો કરે વેપાર
તો વેપારી બને બેકાર
વાત છે સો ટકા સાચી
બન્ને કરે આ વાતે વિચાર.

સરકાર ચલાવે સરકાર
વેપારી કરે નિજ વેપાર
તો સારી ચાલે સરકાર
ને સારો ચાલે વેપાર.

સરકાર ના પડે વેપારમાં
વેપારી ના પડે સરકારમાં
સરકાર વેપારને કરે સહાય

વેપારી ધ્યાન ધરે વેપારમાં.

સરકાર ધ્યાન રાખે આમજનનું
વેપારી ધ્યાન રાખે આમધનનું.

૪/૬/૨૦૦૬

========================================

=================

૩૪૧

=========

રેશમી ભૂલ !

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

========================================

આજ બાગમાં હું એક મોટી ભૂલ કરીને
આવ્યો છું .
એક ગુલાબી ફૂલ પર દિલ ગુલ કરીને
આવ્યો છું .

ચાલ જરા મોસમને કહું કે
પૂરબહારમાં ખીલે ના .
બહુ પ્રેમથી રાખેલું આ દિલ ફૂલ
કરીને આવ્યો છું .

આ઼ંબા ડાળે મૉર ખીલે છો ને ચોમાસે
ગહેકે મોર
ફૂલ પાસે ના ચાલ્યું ,મીઠી ભૂલ
કરીને આવ્યો છું .

સરોવરે ખીલ્યાં કમળદળ ક્યાંથી આમ અચાનક ?
હું ભમરો એમાં પુરાવાની ભૂલ કરીને આવ્યો છું .

કાળી રાતે ધોળા પાને હોશ હવાશે પ્રવીણ લખે .
મોસમ પર મરો ના ,જે ભૂલ હું કરીને આવ્યો છું .

==========================================

૩૪૦

સુખનો રસ્તો

રચનાઃ
શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
=================================

ફેંકે ભલેને કરોડોનું દાન
સામે આવીને ભગવાન
એક પાઈ ના સ્વીકારું
એવો છું મૂર્ખ,નાદાન.

વર્ષો પહેલાંની આ વાત છે.
પાઈ પાઈનો મોહતાજ હતો.
આપનારે ગર્વથી ફેંક્યા'તા
વિનયથી મેં પાછા સોંપ્યા'તા.

આજે પરિસ્થિતિ બદલાઈ છે.
ગરજમંદને હું શોધી કાઢું છું.
સમજે પહેલાં એનાં ગજવાં

આવશ્યક્થી ભરી દઊં છું.

મારી આ ટેવ કુટેવ જે ગણો તે
મને લાભદાયક સાબિત થયાં
મને ગમતાં મારાં સુખ-શાંતિ
દિવસ ને રાત વધતાં જગયાં.

૩/૨૪/૨૦૦૬
=========================================
=====
૩૩૯

અસલ
શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
===================

દર્પણને તું ફોડી નાખ
ગરદનને મરોડી નાખ
બેઉ પગને છોડી નાખ
બાવડાંઓ તોડી નાખ

ફરી દર્પણ જોડીને જો
ફરી ગર્દન જોડીને જો
પગને પાછા જોડી જો
બાવડાં તારાં જોડી જો

તારું સાચું કામ હતું આ
એ અસલ પામ હવે તું
છોડી દે આ આખો દેહ
થઈ જાને સ્વયં તું દેવ

======================
३३८

શું જરુરી છે !
શાહ પ્રવીણચંદ્ કસ્તુરચંદ
==========================

પાટી આપો ને પેન આપો
શાળાઓ ને ઓરડા આપો
બેસવાને માટે બેંચ આપો
શિક્ષણ મા ટે શિક્ષક આપો .

શિક્ષકને માટે પગાર રાખો
પગાર ચૂકવવા કર નાખો
કરવસુલાત કર્મચારી રાખો
કર્મચારીને કાર્યાલય આપો
આ સંભાળવા સરકાર રચો
પ્રધાન મંત્રી ,પ્રધાનો નીમો .

આથી બેસવા બેંચ મળશે .
ભણાવવાને શિક્ષકો મળશે .

વનમાં પેલો વાઘ ના ભણે .
વનમાં પેલો સિંહ ના ભણે .
વનમાંતો ગધેડો ના ભણે .
ના ભણે રે ભાઈ ના ભણે .
=================================

=========

મહાગીત

રચયિતાઃ
શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
====================================

જા.
ગા.
સા.
રે.
ગ.
મ.
પ.
ધ.
ની.
સા.

જા વા ખા.
હાં રે હાં.
ને વા પી.
હાં રે હાં

સા
ની
ધ
પ.

૩/૨૨/૨૦૦૬
==========

================

Aop_ A¡S op_
fQrésp:
ipl âhuZQ»Ö LõsyfQ»v
==================================

D_u D_u gwAp¡ hpé
VpY `X¡ kly \uÆ Spé
hp h»Vp¡m _¡ Sm b»bp¡m.
dpfp M¡sf¡ A¡L kkgy».

LC dpVu_y» Ap kkgy»?
_pNy`wNy» ãf¡ kkgy»
kkgp_¡ L»C \sy» _\u
kkgy» kpgy» dfsy» _\u.

kkgp_¡ ly» `wRu b¡Wp¡
Apd sy» Æh¡ iu fus¡?
kkgpA¡ kpd¡ dyS_¡ `wRéy»
ipdp» iy» Æh¡ iu fus¡?

DÑf dpfp¡ dyS_¡ dmu Nép¡
op__p¡ cpfp¡ bmu Nép¡
L¡d kkgy» kpgy» _p df¡
L¡d kkgy» kpgy» Æìép Lf¡.

3/22/2006
================================

==========================
૩ ૩ ૫

જય હિમાલય !
શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
=====================

જય હિમાલય ,જય હિમાલય
જય હિમાલય ,જય હિમાલય

મુખ મારું મધુરું બોલે
જય હિમાલય ,જય હિમાલય

મન મારું મીઠું મલકે
જય હિમાલય ,જય હિમાલય

આંખો મારી હરખે છલકે
જય હિમાલય ,જય હિમાલય

અંતર મારું ધબધબ ધડકે
જય હિમાલય ,જય હિમાલય

હાથ મારા તાળી પાડે
જય હિમાલય ,જય હિમાલય

હરહર બેઠા જેના માથે
જય હિમાલય ,જય હિમાલય

ગંગા નિજ જટામાં ઝીલે
જય હિમાલય ,જય હિમાલય

નારદજી જ્યાં હરે ફરે
જય હિમાલય ,જય હિમાલય

જગનાં લોકો પાવન થાયે
જય હિમાલય ,જય હિમાલય

ધવલ જેનાં શિખરો શોભે
જય હિમાલય ,જય હિમાલય

ઉરથી જેનાં ગંગા પ્રગટે
જય હિમાલય ,જય હિમાલય

જેનાં જળથી ભારત પાવન
જય હિમાલય ,જય હિમાલય

હરદમ જપીએ નામ જેનું
જય હિમાલય ,જય હિમાલય

અંતકાળે જે આવે યાદ
જય હિમાલય ,જય હિમાલય

તેથી ધન્ય બન્યો હું આજ
જય હિમાલય ,જય હિમાલય

પ્રવીણે કરી તુજ પદ્મપૂજા
જય હિમાલય ,જય હિમાલય

જય હિમાલય ,જય હિમાલય
જય હિમાલય ,જય હિમાલય

=====================

================

એક પાગલ આશિક
રચનાઃશાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
=====================================

ચાલ દીવાના,આજ તને હું તારું જૂનું ઘર બતાવું
જેણે તારા કર્યા હાલ આ,હાલ તને એનું ઘર બતાવું.

જો પેલી બેઠી છે એ તારી એક વખતની માશુકા છે
આજ વેર વિખેર એનું જીવન;જો,તને જીવતી કબર બતાવું.

એકદમ દીવાનો દોડ્યો, જઈ ટગર ટગર એને નીરખવા લાગ્યો
દીવાનો કંઈ ડાહ્યો લાગ્યો;હું માશુકાની કઈ ખબર બતાવું?

કેશમાં આંગળીઓ ફરવા લાગી,છાતી સરસી ચાંપી દીધી
ચાર આંખોનો દરિયો ખારો,જુઓ અમૃતનો પ્યાલો, સભર બતાવું.

દીવાનાએ દીવાનીની ખબર લીધી,દીવાનગી દડબડ ભાગી
આશિક માશુકાનો નવો દોર આ;પ્રવીણ, કોને કોનું ઘર બતાવું?

૩/૨૧/૨૦૦૬

====================
333

ભવોભવની પ્રીત

રચનાઃ
શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
==============================

મને ગમ્યો, તું મારો પ્રીતમ
તને ગમી હું,ના હું તારી
એક માર્ગી મારગ આ પ્રીતનો
અમારી ચોખ્ખી દાદાગીરી.

જાવ ગમે ત્યાં રાવ નોંધાવો
પોલિસમાં,દરબારે,સરકારી
પ્રીતનો દાવો સદા જીતવો
કરની રેખા કદિ ના હારી.

જ્યાં લગ અમે હા ના ભણીએ
પાડતા રહો બે હાથે તાલી
અમથા અમથા ના કરો લવારો
તમે અમને કરી લીધી તમારી.

જાવ વાલમ,બાજી તમે જીતી ગયા
જ્યાં મુખ તમે લીધું ફેરી
હું તો છું ભવ ભવથી તમારી
હતી આ ફક્ત વાતોની ફૂલઝડી.

એક માર્ગી મારગ આ પ્રીતનો
અમારી ચોખ્ખી દાદાગીરી
જાવ કરી લો કરવું હોય તે
તમે છો મારા, હું છું તમારી.

૩/૨૧/૨૦૦૬

================

૩૩૨

વણસતો માણસ
રચનાઃ

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
=================================

કણ કણ કાજે કણસતો માણસ
મણ મણ પેટમાં પીરસતો માણસ

દુખમાં ભાગ્યને કોસતો માણસ
સુખમાં નિજ બાહુ તસતો માણસ

ભાગ પડાવી લે જઈને,ડસતો માણસ
ભાગ આપે ના કોઈને,ભસતો માણસ.

સ્વાર્થ હો તો સાવ ખોટું હસતો માણસ
વહાલ ના હો તો ધીરેથી ખસતો માણસ.

મૂકી વતન જઈ વિદેશે વસતો માણસ
હાય પૈસો,એક પૈસાનો આ સસ્તો માણસ

પ્રવીણની ગઝલ!વાહ વરસતો માણસ
હો બીજાની,હોઠે તાળું વાસતો માણસ.

૩/૧૫/૨૦૦૬

====================================
==============
૩૩૧

બાર બાળાઓ !

રચનાઃ
શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
=================================

રંભા ને મેનકા ઇંદ્રની સભામાં જવા નીકળી
ચંપા,શાંતા રસ્તે મળ્યાં બેઉં એમને ઘરે ચાલી
ચંપાની સેવપૂરી,શાંતાની ભેળપૂરી ખાધી
બન્ને ઇંદ્રનું નામ ને સ્વર્ગનો રસ્તો ગયાં ભૂલી.

પૃથ્વી પર બેઉ એ બાળાઓ માટે નૃત્યકળાના વર્ગો ખોલ્યા
જાહેરાત વગર પણ કીડિયારાની જેમ એ ઊભરાઈ ગયા
જોત જોતામાં નૃત્યાંગનાઓ,અભિનેત્રીઓથી ધરા ભરાઈ ગઈ
નાટ્યગૃહો ને મધુશાળાઓ રંભા ને  મેનકાઓથી ઊભરાઈ ગઈ.

બારબાળાઓને સીધે સીધો સ્વર્ગ શિક્ષણનો અનુભવ હતો
ગ્રાહકો બિચારા ધરતી પર એથી સાવ અજાણ હતા
ઇંદ્રસભાના નીતિનિયમ ધરતીથી વિપરીત હતા
અહીં સરકારી નિયમો એ નિયમોથી જુદા સાવ હતા.

બાર બાળાઓ બહાર થઈ ગઈ,ગ્રાહકો સહુ અંદર થઈ ગયા
સ્વર્ગતો ધરા પર ના આવ્યું,મેનકા રંભા  પાછા સ્વર્ગ ફર્યાં

રાહ જોઈને બેઠી છે સહુ બાળાઓ ક્યારે ઇંદ્ર બોલાવે
ધરતીના જેવા નસીબ,હવે સ્વર્ગે જઈ ઇંદ્રાસન ડોલાવે.

૩/૧૬/૨૦૦૬

=========

૩૩૦

ક્યાંથી ક્યાં?

રચનાઃશાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
======================================

સાકી ત્યાં,સુરા ત્યાં,સુરાલય પણ ત્યાંનું ત્યાં
આજ વેરાન કેમ છે? પીનારા સહુ શું મરી ગયા?

મસ્જિદો ને મંદિરો છે ત્યાં;ગિરિજાઘરો પણ ત્યાંના ત્યાં
કાં ઊભરાયે માનવ ટોળાં?શું પીનારા આવી ગયા ત્યાં?

તલવાર હતી,તીર હતાં, ભાલો ને ક્રિપાણ હતાં જ્યાં
એટમબોંબો,પ્રક્ષેપાસ્ત્રો,લાશોના અંબાર હવે ત્યાં.

નદીઓ ને સાગર એનાં એ,વરસતાતાં વાદળ પણ એ
ચિત્ર જરા ક બદલાઈ ગયું છે;તોયને બદલ* લોહી ત્યાં.

પ્રવીણ તમે પણ કાલ સુધી વાતો કરતાતા સાકીની,સુરાની
આજ હવે શું ડરી ગયા? કોઈ અફસર માગશેઃપરમિટ ક્યાં?

૩/૧૩/૨૦૦૬

*પાણીને બદલે

=====================

૩૨૯

ક્યાંક તો કૈંક છે
શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
===================================

તમારી જીદ કે જીતવું,અમારી ટેવ કે હારી જવું
લોકો કેવી હસી ખુશીથી બાજી આ જોતા રહે છે.

કરે છે કંટકો કેવી હિફાજત મને એની જાણ છે
ફૂલ લૂંટાતા રહે છે કંટકો આ જોતા રહે છે.

મેં કહ્યું સૂર્યનેઃમહેરબાની કરી સિતારા સોંપી દે
એ કહે ચંદ્રના એ ચેલા આઘેથી મને જોતા રહે છે.

દરિયા રોજ કરે ગર્જના;નદીઓ એ પા રહેતી વહેતી
ડુંગર જેવા ડુંગર બાપા પણ રોજ આ જોતા રહે છે.

પ્રવીણની દુનિયા ન્યારી છે,લોકો સહુ આ સમજે છે
એ લખતો રહે કવિતા ને લોક સહુ આ જોતા રહે છે.

૩/૧૩/૨૦૦૬

=====================
૩૨૮

ડોસા ડોસીની વાત

રચનાઃ
શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
===================================

એક હતો ડોસો
એક હતી ડોસી
ડોસો ભડવીર
ડોસી હતી ફોસી.

રાતે ઘૂસ્યો ચોર
ડોસો ભાગ્યો બહાર
નેકલેસ,હાર લઈ
ચોર આવ્યો બહાર.

દંડો માર્યો ડોસાએ

પડ્યાં નેક્લેસ,હાર
ઉપાડી લીધા ડોસાએ
ભાગ્યો ચોર બહાર.

ડોસો ઘરમાં આવ્યો
ડોસી પાડે ચીસ
ધૂંસો ડોસાને માર્યો
ડોસો પાડે ચીસ.

ધીરેથી નીચે મૂક્યાં
ડોસાએ નેક્લેસ,હાર
ડોસી બોખુ હસી પડ્યા
આવી ઘરમાં બહાર.

રાત થઈ પૂરી
વાત થઈ પૂરી
આવો હતો એક ડોસો
આવી હતી ડોસી.

૩/૧૦/૨૦૦૬
==================================
==============================
૩૨૭

બા !
શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
============================

ભીંજાઈને બહારથી ઘરે હું આવ્યો
છીંકાછીંક શરદી તાવ સાથ લાવ્યો
છાતી ગળે પત્નીએ બામ લગાવ્યો
આંખોમાં આંસુ ત્યાં તો ધસી આવ્યાં

બા ,તમે આજ બહુ જ યાદ આવ્યા .
બહુ યાદ આવ્યા ,બહુ યાદ આવ્યા .

મંદિરમાં જઈ આજ દર્શન કર્યાં મેં
ઘંટ વગાડ્યો ,પૂજા -અર્ચના કરી મેં
પ્રસાદ લીધો ,લઈને ઘરે હું આવ્યો
આંખોમાં આંસુ ત્યાં ભરાઈ આવ્યાં
બા ,તમે આજ બહુ જ યાદ આવ્યા .
બહુ યાદ આવ્યા ,બહુ યાદ આવ્યા .

બા ,તારા પૌત્રના આજે લગ્ન કીધાં
તુજ વહૂને પોંખીને ઓવારણા લીધાં
પૂત્રવધુના ઘરે આજ પગલાં પડ્યાં
હૃદયનાં બંધ બેફામ સૌ તૂટી પડ્યાં
બા ,તમે આજ બહુ જ યાદ આવ્યા .
બહુ યાદ આવ્યા ,બહુ યાદ આવ્યા .

ઝરણાં ,નદી ઓ એમ જ વહેતાં રહેશે
સાગર ઊછળશે ,વાદળો પણ છવાશે
એજ વાયુને એજ રોજિંદુ વાતાવરણ
પણ બા ,તમે ક્યાં છો ,તમે ક્યાં છો ?
બા ,તમે આજ બહુ જ યાદ આવ્યા .
બહુ યાદ આવ્યા ,બહુ યાદ આવ્યા .

==============================
================

====================================

જ્યાં વસી ગયા તે જ વતન
એક્જ ભૂમિનો બધો પ્રદેશ છે.

વતન અમારું આ થઈ ગયું
ભલે સહુ ક્હે પરદેશ છે.

ગણો તો વતન બધે જ છે
શું દેશ  કે વિદેશ છે.

હો બંગાળ ભલે પૂર્વમાં
આખા દેશમાં એ જ સંદેશ છે.

ઘરમાં રહે તે નર ગણાય
મહેલોમાં રહે તે નરેશ છે.

હોય છે દેવો તેત્રીસ ક્રોડ
પણ પ્રથમ દેવ તો ગણેશ છે.

કવિતા જેવું આ ગતક્ડું પ્રવીણ
આવો તમારો ગઝલ-પ્રવેશ છે?

૩/૬/૨૦૦૬

=====================

આપ તો મહાન છો .
આપની વાત થાય .
આપ કહો કે એક છે
એકના અનેક થાય .
જાદુગરોની શાન છો .
આપ જો મહાન છો .

આપને પુછાય નહીં .
જવાબ મગાય નહીં .
જવાબ અગર મગાય
તો કૈં પણ થઈ જાય
કાંઈ યે કહેવાય નહીં .
આપ જો મહાન છો !

આપ સહુની શાન છો .
દ્વારની કમાન આપ છો .
આપ ફૂલોનો હાર છો .
હર્ફ આપનો ફરમાન છે .
એનેતો ઉથાપાય નહીં .
આપ જો મહાન છો .

લ્યો લવારો બંધ કરું .
ને લખવાનું બંધ કરું .
આપ હાજરાહજૂર છો .
તો આની શી જરુર ?
લ્યો ,આંખો બંધ કરુ .
આપ જો મહાન છો !

==================
=============================

===============

૩૨૪

# કવિતા કેમ લખું ?

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

================================

કવિ છું ,કવિતા લખવી એ છે ધર્મ મારો .
કોઈ મનોહર કારણ મળે તો કવિતા લખું .

મન મજબૂત મારું ,તન પણ દુરસ્ત
મારું .
હોત આ વ્યાજબી વાત તો કવિતા લખું .

જો અસહ્ય દુઃખ આપો ,સુખથી દૂર રાખો ;
મારું જો અપમાન કરો ;તો કવિતા લખું .

ધનથી દૂર રાખો અને ધાનથી દૂર રાખો ;
દરદર ઠોકરો દેતા રહો તો કવિતા
લખું .

કરમાં પ્યાલી ખાલી ,સાકી પણ સવાલી .
બે ઘૂંટ ઊતરે જો ગળે તો કવિતા લખું .

કરમાં કંકણ ખખડે ને પાયે ઝાંઝર
રણકે .
ફૂલનો દડુલિયો મારે કો ’તો કવિતા
લખું .

હાલ મારા ના જાણે કોઈ ,કહે લખ કવિતા .
કલમ -કાગળ જો દે કોઈ ,તો કવિતા લખું .

પડી તાળીઓ ,વાહ્વાહ ને દુબારા
દુબારા .
ભાવતું 'તું ને મળી ગયું લો લખી
કવિતા .

==================================

==================================================

૩૨૩

આભાસ ી અસ્તિત્વ

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

==================

ઉપર અવકાશ ,નીચે અવકાશ ,
સ્વયંને કહે છે હું ચંદ્ર ,હું
સૂરજ ,
હું પ્રકાશ ,હુંજ સર્વેસર્વા આ
જગતમાં .

ભલા ,જેનો પાયો પોકળ ,તે સહુની આગળ ?

સળગે છે તો શું થયું ?
એમતો માણસ પણ સળગે છે .
પણ માણસ બુઝાઈ જાય છે .
કારણ મ ાણસ અસ્તિત્વ છે .
ચંદ્ર ,સૂરજ અસ્તિત્વ નથી .
અસ્તિત્વનો આભાસ માત્ર છે .
આયનો જોયો છે ને ?
પ્રતિબિંબ પ્રકાશ છે .
અસ્તિત્વતો ક્યાંક બહાર ઊભું છે .
તો આ દેખાય છે તે શું છે ?
ફક્ત અસ્તિત્વનો આભાસ માત્ર છે .
આયનાને શી ખબર અસ્તિત્વ ક્યાં છે ?
પ્રતિબિંબને શી ખબર અસ્તિત્વ
ક ્યાં છે ?
અસ્તિત્વ જાણે છે આ સઘળું .
પ્રતિબિંબ શું છે .
આયનો શું છે .
સ્વયં શું છે .

સૂરજચંદ્ર આયના છે .
બહાર અસ્તિત્વની ચકાચૌંધથી ઝળહળી
રહ્યા છે .
ભ્રમમાં પોતાને અસ્તિત્વ માની
રહ્યા છે .
ભૂલી ગયા છે કે પોતે આયના છે .
આ ભાસ આભાસ છે .
એમાં એમને ના જરી વિશ્વાસ છે .
મા ણસ ખડખડાટ હસી રહ્યો છે .
આભાસી અસ્તિત્વને માણી રહ્યો છે .
સૂરજચંદ્રના પ્રકાશને ઉપયોગમાં
લઈ રહ્યો છે .

બિચારા સૂરજચંદ્ર !

આભાસી અસ્તિત્વની કંદરામાં કૂદી પડો !
પણ ભલા થઈને બળવાનું બંધ ના કરતા .
આભાસી તત્ત્વની માણસને આદત પડી ગઈ છે .
તમારા વિયોગમાં એ પોતાનું અસલ અસ્ તિત્વ ખોઈ બેસશે .
ભલા થાજો ,આ ભૂલ ના કરશો .
ધન્યવાદ !

=====================

## ૩૨૨

## હો મદહોશ કવિતા !

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

=================================

કવિતા જેવું જરાક જ્યાં કળાય છે
ચાંદ આગળ ત્યાં વાદળો છવાય છે
વાઘ બકરી વૃક્ષ પહાડો નદી સમંદર
અવનવાં રૂપોમાં કવિતા લહેરાય છે.

શબ્દોના માળખામાં કેમ હું સાંધી શકું?
વ્યાકરણના પહેરામાં કેમ હું ગોંધી શકું?
ક્યાં છે આ કવિતા કે સાથમાં ચાલી શકે?
વાદળોને નિયમોમાં કેમ હું બાંધી શકું?

કવિતાને કહો ભલે જરા આરામ ફરમાવે
વાદળોનાં લહેરણિયાં ભલે લહેરાવા દે
અનુષ્ટુપ શિખરિણી મંદાક્રાંતા ઉપજાતિ
જેલમાંથી મુક્ત થઈ મદહોશ બહેકાવા દે

કવિતા જેવું જરાક જ્યાં કળાય છે
ચાંદ આગળ ત્યાં વાદળો છવાય છે

૨/૨૩/૨૦૦૬

======================================

==============================
૩૨૧

ક્યાં ગઈ કવિતા?

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
======================================

ચંદ્ર તારા પરથી લપસ્યો
નડ્યાં વચમાં જળ-વાદળ
છટક્યો ત્યાંથી જલબિંદુ થઈ
પટકાયો સાગરજળ ભૂતળ
તોય મને ના મળી મારી
પ્રિય કવિતા કોઈ કમળદળ.

દોસ્ત,આજ હું ઉદાસ છું!
ક્યાં ગઈ મારી પ્રિય કવિતા?
રાત દિન નિરાશ છું
ક્યાં ગઈ મારી પ્રિય કવિતા?

બની ગયો ભગ્ન આશ છું
ક્યાં ગઈ મારી પ્રિય કવિતા?

કોઈ શોધી આપો મારી કવિતા
આજ હું બહુ ઉદાસ છું.

૨/૨૨/૨૦૦૬
====================================

===========================
૩૨૦

વાત વાતમાં રાત... !

રચનાકારઃશાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
====================================

વાત વાતમાં રાત ગઈ
હમણાં થશે પ્રભાત
વાલમ કાંઈ કામ થયું નહીં
કોઈ રોકી રાખો રાત.

કોઈ અટકાવો પરભાત
હજુ ક્યાં ખૂટી છે વાત?
હમણાં તો કરી છે શરુઆત
કોઈ રોકી રાખો રાત.

વાલમ જુઓ કૂકડો બોલ્યો
છે બિછાનું કડેડાટ
કમખો તૂટુ તૂટુ થાયે
છાતી ધબકે ઘૂઘવાટ

વાલમ કાંઈ કામ થયું નહીં
વાતુંમાં વેડફી દીધી રાત
કોઈ રોકી શકે તો રોકી રાખો
મારે વાલમને કરવી એક વાત.

ભવના સ્વામી ના સાંભળતા
હવે પછી મારી કોઈ વાત
કૂકડા બોલશે ને વહાણાં વાશે
એમને એમ આખી વીતી જાશે રાત

હરખે સ્વામીએ બાહુમાં લીધી
બંધ આંખોમાં વીતી ગઈ બાકી રાત.

૨/૧૬/૨૦૦૬

====================
૩૧૯

કાનુડાની શોધ

રચનાકારઃશાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
==============================================
==

રાધા તારા કાનુડાને હું ગોતી ગોતી થાક્યો
વૃદાવનની ગલી ગલીમાં ક્યાં ક્યાં ના હું ભટક્યો?
હર ગોવાળાને પૂછી પૂછી મારી જીહ્વા ગઈ થાકી
ભાળ મળી ના કનુડાની, મોંઘો તારો કાનુડો બહુ ખટક્યો.

રાધા મલકી મરકમરક વાત સાંભળી મારી, હું ચમક્યો
દોડી રાધા આગળ આગળ ને એની પાછળ પાછળ હું દોડ્યો

કૂદી કૂદી તોયે મારી પાછળ જોઈ રહી શું આ રાધારાણી
મેં પણ જ્યાં જોયું પાછળ તો ભેદ સઘળો હું સમજી ગયો.

વૃદાવનમાં ગોતી રહ્યોતો કાનુડાને હું મારી આગળ આગળ
નટખટ કાનો આવી રહ્યોતો ગૂપચૂપ  ગૂપચૂપ પાછળ પાછળ
ઝટ પકડ્યો મેં કાનુડાનો હાથ,દઈ રાધાને હાથ, હું ભાગ્યો
રાધા તારા કાનુડાને હું ગોતી ગોતી થાક્યો.

૨/૧૫/૨૦૦૬

========================
૩૧૮આવી રહ્યો છે ....?

રચનાકારઃશાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
================================

પાણી થાશે થર પર થર બહાર ભીતર પથ્થર પથ્થર
વૃક્ષો ઊગશે આકાશે ને લટકશે ઉપરથી નીચે અદ્ધર
ઘરો તરશે હવામાં જેમ તરતીતી માછલીઓ સરવર
ઘર જાશે મળવા ઘરને જેમ મળવા જાતાતા નરને નર.

ભૂખ લાગેતો જઈ છાપરે ઝીલી ખાવાં નીચે પડતાં ફળ
લાગે તરસ તો મોં ખોલી ઝીલવું નીચે પડતું ઝાકળ.
ખોયું માણસે જ્ઞાન કેમ રહેવું જોઈએ આ ધરતી પર
આવી રહ્યો છે શીખવવા  નવો જમાનો આ  નવતર.

થઈ જાઓ તૈયાર ભણવા, ભૂલી ગયા  જૂનું ભણતર
નવો જમાનો શીખવી દેશે જૂનું ભણતર નવું ચણતર.

જાન્યુઆરી ૧૩,૨૦૦૬.

======================

======

૩૧૭

## ચક્કર

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

=================

જન્મ પામ્યો .

તો શું પામ્યો ?

કોલેજમાં ભણ્યો .

એટલે શું ગણ્યો ?

પુસ્તકો વાંચ્યાં .

એટલે જ્ઞાન લાધ્યું ?

દર્શન કર્યાં .

એટલે પ્રભુ પામ્યો ?

મરણ પામ્યો .

એટલે શું છુટ્યો ?

==============

૨/૯/૨૦૦૬

===================

==========================

૩૧૬

હજામ ઠરાવ !

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

==============================

હજામોની ચળવળથી ગભરાયેલી સરકારે
નીમ્યું 'હજામ સંકટ વિમોચન કમીશન .'
કમિશને બહુ જ મસલતો બાદ સરકારે
ઠરાવ પાસ કર્યો જે હતું કમિશન
સૂચન .

હવેથી માથામાં કોઈએ ટાલ પાડવી નહીં;
દરેક ટાલવાળાએ માથામાં વાળ ઉગાડી દેવા;
આ કામમાં સરકારી અફસરોએ મદદ કરવી;
આ ઠરાવ જોઈ કોઈએ જરા યે ગભરાવું નહીં.
હજામોની વસ્તી જલ્દીથી બમણી કરાશે;
સરકારી નોકરોની મદદ,સલાહ લઈ શકાશે;
હર ગલીમાં હેર કટીંગ સલૂનો ખોલાશે;
હેર કટીંગના ચાર્જમાં દર વર્ષે ૧૦% વધારાશે;
હજામોની સાહ્યબીની કોઈએ ઈર્ષા કરવી નહીં;
આ ઠરાવની તાત્કાલિક અમલબજવણી કરવી.

સાવધાન, બેદરકાર અમલદારને સજા થશે આકરી;
આવો અમલદાર હેર કટીંગ સલૂન ખોલી શકશે નહીં.

ફેબ્રુઆરી ૭,૨૦૦૬

==================================
==============

=========================================

ગલી-કૂંચીમાં ફરતા ફરતાં અમે **lost** થઈ ગયા
વનવગડામાં ફરતાં ફરતાં પંખી  દોસ્ત   થઈ ગયાં.

અંધારામાં અટવાઈ ગયાં ચારે બાજુ **ghost** ફરી વળ્યાં
થોડી વારમાં ટેવાઈ ગયાં, ઘોસ્ટ અમારા  **host** થઈ ગયા.

કોણ ખોટું, કોણ સાચું,અમને તો બધાં  સરખાં લાગ્યાં
**group** ફોટામાં ક્યાંક આવી ગયા કે **wanted most** થઈ ગયા.

હાથ જોડી કરગરતાતા રસ્તે  રસ્તે,રઝળતાતા રસ્તે રસ્તે
બે પૈસા આ શું આવ્યા,કે સૌની નજરના  **toast** થઈ ગયા.

પ્રવીણ વતનથી ભલે દૂર,પણ જીવતું રાખો છો ગુજરાતી
છોને બે-ચાર અંગ્રેજીના **words** કવિતામાં **post** થઈ ગયા.

જન્યુઆરી ૨૬,૨૦૦૬

=====================
===============
૩ ૧ ૪
ઉંદર અને છછુંદર !
શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
=================================

એક હતો ઉંદર ,રહેતો હતો જમીનમાં
ખોદીને દર ;

એક છછુંદર રહેતું 'તું બાજુમાં
જ્યાં હતું બીજું દર .
ઉંદર આખો દિવસ કરતો ધમાચકડી ને
દોડાદોડી ;
એથી છછુંદરની ઊંઘ આખો દિ 'જાતી 'તી
ઊડી .

છછુંદરે ચેતવણી મૂકી લખીને નિજ
દરની બહાર
'દોડાદોડી કરતાં પહેલાં , વગાડવી
ઘંટી એકવાર '
ઉંદરભાઈને ચઢી રીસ ને લાવ્યા
દળવાની ઘંટી .
છછુંદ રજીના દરને માથે દળ્યા કરે
બાજરો -બંટી .

ઉંદરજીએ નિજ દર પર લખ્યું 'ઘેલાજી
મુછાળા '
છછુંદરેય નિજ દર પર લખ્યું
'છેલાજી છોગાળા '
ઉંદરભાઈએ તો ચાલુ રાખી દિન આખો
દોડાદોડી .
છછુંદરે રસ્તો કાઢ્યો દિવસભર
જાવું બસ ઊંઘી .

એક સાંજે સાપ આવી ઘુસ્યો
ઉંદરભાઈના દરમાં ;
ઉંદર ભાગી ને ઘુસ્યો સીધો
છછુંદરભાઈના ઘરમાં .
સાપ દોડ્યો પાછળ ,ઉંદરને બદલે
ગળ્યું છછુંદર .

છછુંદર ઉંદર સમજી કરે દોડંદોડી
સાપની અંદર .

સાપે ઉઘાડું રાખ્યું મોઢું કે
નીકળે બહાર છછુંદર ;
જેવું મોં ખોલે સાપ કે છછુંદર ઘૂસે
ઊંડે અંદર .
તો મિત્રો ,સમજીને કરવું જ્યારે પણ
કરવું કામ .
નહિતર થાશે સાપે ગળ્યું છછુંદર
જેવું સૌ કામ .

========================================

================
૩૧૩

આ છે જીવન!
===================================

જે તમન્ના તારી હતી
તે તમન્ના મારી હતી
હું કંઈ ના બોલી શક્યો
તું કંઈ ના બોલી શકી.

વરસોના વહાણાં વહી ચૂક્યાં
વરસો પછી આજે ફરી મળ્યા.
આંખોથી આંખો વરસી પડી
બાળકોને માથે હાથ ફરી વળ્યા.

ખડ્ખડ તું હસી પડી
ખડ્ખડ હું હસી પડ્યો

**રડવાની આ કેવી રીત જડી?**
**જીવવાની આ કેવી રીત જડી?**

**ડિસેમ્બર.૨૬,૨૦૦૫**
**========================================**

=============
૩૧૨

તમે જશો ત્યારે!
========================================

તમે જ્યારે જતા રહેશો જગતથી ત્યારે શું થશે?
સૂરજ-ચાંદ,રાત-પ્રભાત,એમ જ ચાલ્યા કરશે.

તમે જ્યારે જતા રહેશો જગતથી ત્યારે શું થશે?
સગાં, વહાલાં, મિત્રો, બસ દિન દસ યાદ કરશે.

તમે જ્યારે જતા રહેશો જગતથી ત્યારે શું થશે?
પત્ની-પુત્ર-પુત્રી,મા-બાપ,માસ બે માસ યાદ કરશે.

તમે જ્યારે જતા રહેશો જગતથી ત્યારે શું થશે?
જેમ તમે ભૂલ્યાતા સૌને, સહુ તમને ભૂલી જશે.

તમે જ્યારે જતા રહેશો જગતથી ત્યારે શું થશે?
બધું એમ જ રહેશે, ન કૈં આસ્માની-સુલ્તાની થશે.

તમે જ્યારે જતા રહેશો જગતથી ત્યારે શું થશે?
પ્રવીણ બધું હેમખેમ, ત્યાંનું ત્યાં એમ જ રહેશે.

જુલાઈ ૧૪,૨૦૦૫

=====================================

====================
૩૧૧

==================
# કલ્પનાને ના કિનારો !
શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
=============================

મા ઉમા આવ્યા ,સાથે ગજાનન ને હરહર
આવ્યા
સીતા સહ લવકુશ ,રામજી ;હૂપાહૂપ
વાનર આવ્યા .
રુક્મણિ ,કૃષ્ણ ,અનિરુદ્ધ ,ગોપગોપી
ઓ પણ આવ્યાં .
એક દિન ઉજાણી કરવા સહુ માનસરોવરે
આવ્યાં .

ડફ -ડમરુ શિવજી બાજે .કાન્હો બાજે
બાંસ વાંસળી .
રામ મધુર મધુર મલકે .વાનર નાચે
તાથૈ તાથૈ .
સીતા -માતા ,રુક્મણિ સહુ એકબીજાને
દેતાં તાલી .
સરોવરે હંસો ડોલે ,ગોપગોપી રહ્યાં
છે રાસે મ્હાલી

મથુરાને ગોકુળ નાચે .હિમાલયની
ટોચો સહુ નાચે .
અયોધ્યામાં સરયૂ નાચે .ઈંદ્રલોકે
ઉર્વશીરંભા નાચે .
નભમં ડળના વીજચોકમાં
રવિ ,સોમ ,સિતારા નાચે .
ધરા ધેનુ નાચે ,મનુ નાચે .ને
માળામાં પંખી નાચે .

પ્રવીણ આ વાત ગમી .જાણી નો 'તી આવી
ઉજાણી .
એકસાથે આવડી મોટી દીઠી ના દેવોની
મિજબાની .
જગમાં જયજયકાર થયો સાંભળી આ નોખી
કહાણી .
ધન્ય બન્યાં પશુપ્રાણી
સૌ .ધન્યધન્ય આવી ઉજાણી .
================================

૭/૪/૨૦૦૫
========================================

=================
૩૧૦

કેવી નિરાંત
==================
રસ્તો છે ને મોટરો છે

હશે,કૈંક થયું હશે;
ચાલો આપણે આગળ;
કેટલું બધું કામ છે?

હાશ,ઘરે આવી ગયા!
'રોહન' કેમ ક્યાં છે?
સવારથી જોયો નથી;
છોકરો માથાફરેલ છે.

કાર ખરાબ ચલાવે;
ગમે ત્યારે ઘરે આવે;
જુઓ,કોની રીંગ વાગી?
જરુર રોહનની જ.

કારમાં રોહન ખલાસ.
ફોન બોલીને ચૂપ છે.
રસ્તો છે ને મોટરો છે,
હશે કૈંક થયું હશે.

૬/૨૮/૨૦૦૫
===================

====================
૩૦૯

દીકરી બની વહૂ
===========================
છોકરો છોકરીને મળવા જાય છે;
છોકરી છોકરાને મળવા જાય છે;
બન્નેની વાતચીત જો જામી જાય છે;
તો બન્નેના લગ્ન પણ થઈ જાય છે.

માતા પિતા, ભાઈ, બહેન, જૂનું ઘર;
સઘળું પાછળ એવું છૂટી જાય છે;
સાસુ, સસરા, દિયર, નણંદ, ઘર
આ સઘળું સ્વાભાવિક મળી જાય છે.

સાસુસસરા બાબાપા, દિયર ભાઈ,
નણંદ બહેની, વળી પ્યારો પ્રીતમ,
પ્યારી રાતો વાતો,બાળકોની સોગાતો;
સર્વ પામી ક્રતી સુખની ખેરાતો.

બાપનું ઘર નિજ, સદા સલામત;
જાણે બેંક્માં ડીપોઝીટ અનામત!
અને ચાલુ ખાતુંતો પ્રીતમઘર છે
ક્હો દીક્રી શું છોડી, શું વસાવે છે?

સાસુની વહૂ, દિયરની પ્યારી ભાભી;
વરની વ્હાલી, સંતાનોની વ્હાલી મમ્મી;
બેટી સાસરે, સહુમાં ભળી જાય છે?
જગમાં તેથી એ લાડલી ક્હેવાય છે.

૬/૨૫/૨૦૦૫

==================================

===========

૩૦૮

અમથું અમથું

==================================

અમથા અમથા, એની મેળે
ફ્ડ ફ્ડ ક્રતું રડવું આવ્યું
અમથા અમથા એની મેળે

ખડ ખડ કરતું હસવું આવ્યું
સમજો ના આ ગાંડપણ છે
સમજો ના આ ડહાપણ છે
અમથું અમથું બચપણ આવ્યું
અમથું અમથું ઘડપણ આવ્યું
વચ્ચે જોબનને ઝોકું આવ્યું
અમથા અમથા એની મેળે
રડવું આવ્યું, હસવું આવ્યું
બસ બધું આ અમથું અમથું
તો ભૂલી જાઓ અમથું અમથું
હોય સમજવું તો સમજી જાઓ
ખાલી, ભરેલું અમથું અમથું
===================================
===============

૩૦૭

પાવન મૈયા
==============================
ગંગા પડે શિવ શિરે,શિવ શિરે ધરે
ઊતરે શિવ જટા પરથી ધીરે ધીરે
વળી ત્યાંથી ફરી આગળ કૂચ કરતી
ઊતરે ધરા ઉરે ને ખળ ખળ વહે.

તીર પરે ઊભરે પાવન તીર્થ ધામો;
પાવન જળે સ્નાન કરી બને પવિત્ર જનો;
સંગમે ડૂબી પુનિત હો રાખ દેહોની
તારતી સહુને આવી મા હર હર ગંગે.

હો શિવ જીવદાતા, જે જીવોની સુખદાતા,
હોય ના આ માતા, શતમુખ વિનિપાતા.

૬/૨/૨૦૦૫

==============================

૩૦૬

સાચા મહામાનવો!
શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
=====================================

મહામાનવ જગમાં થયા માણસ બે;
કોણ એ? જાણવા માટે વાંચો નીચે..

એક તો મુનિ વ્યાસ,બીજા તુલસીદાસ
જગત આખું આજે છે એ બન્નેનું દાસ..

ડિસેમ્બર ૨૦૦૬
=======================================

======================
૩૦૫

નાદાની માણસની!
શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
===========================================

વૃક્ષો,માણસ,જનાવરો માટે મફત પાણી!
કુદરતે કરી આ કેવી કાયમની લ્હાણી!
વૃક્ષો,જનાવરો તો આ લ્હાણી મફત મ્હાણે,

ને માણસ!પાણી માટે પૈસા ક્રે પાણી.

ડિસેમ્બર ૨૦૦૬

==========================================
==

===============

૩૦૪

આવું થાય તો?

શાહ પ્રવીણચંદ્ર ક્સ્તુરચંદ

========================================

સ્વચ્છ હવા ને ખળખળ વહેતું નિર્મળ જળ

મળી જાય જો બન્ને તો ધન્ય જીવનની હર પળ.

૧૦/૨૪/૨૦૦૬

========================================

======

૩૦૩

શ્વાસ

શાહ પ્રવીણચંદ્ર ક્સ્તુરચંદ

=============================

આ શ્વાસ,આ ઉચ્છ્વાસ,એ બીજું શું છે?

જીવન જીવવાનો ફ્ક્ત સતત પ્રયાસ તો છે.

ઓક્ટોબર,૨૨,૨૦૦૬

=============================

===========
૩૦૨

અનાવશ્યક
શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
==========================================
=

નથી હોતી અનુભવની જરુરત આપણા જીવનમાં
માણસ જીવી જાય છે નિજ જીવનને અનુભવ વગર.
જુઓ માણસ કેવો ભાગ્યવાન કે જીવન જીવતો રહ્યો
અને મર્યો મરણનો જીવનમાં અનુભવ કર્યા વગર.

૧૦/૩/૨૦૦૬
==========================================
=
===========
૩ ૦ ૧
કૃત્રિમતા
શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
===========================

માણસ બની ગયો મશીનરી . (યંત્રવત્ )
જીવે જીવન બસ ઈમેજીનરી .
(કાલ્પનિક )
દેખાવ કરતો જાણે વેરી હેપી . (બહુ
સુખી )
પણ અંદર કોતરી ખાય વરી . (ચિંતા )

============================
===============================

=======
૩૦૦

પ્રગતિ
શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
=====================================

જ્યારે પ્રાણીઓએ કર્યું પ્રસ્થાન પ્રગતિ તરફ
જુઓ બધાં બનીને માણસો ફરી રહ્યાં ચોતરફ.

૯/૧૮/૨૦૦૬
=============================================
=====
૨૯૯
વિવેક

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
============================================

ક્યાં કહું છું મારું સન્માન કરો
આમ હસતાં હસતાં ના અપમાન કરો
હું મારા રસ્તે ચૂપચાપ ચાલું છું
તમે તમારી તલવારોને મ્યાન કરો.

૫/૯/૨૦૦૬
============================================
==============
૨૯૮
સુંદર અવસર
શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
======================================

મારા હાથમાં પથ્થર
તારા હાથમાં પથ્થર
તણખા ઝરવાનો આ
કેવો સુંદર અવસર?

૫/૨/૨૦૦૬
============================
================================================
૨૯૭

ઘર છે મારું બહુ દૂર,દૂર ગગનની પેલી પાર
જીવતર પૂરું થયું હોય તો આવો,છે ઘર તૈયાર.

================================================

==============================
૨૯૬

તારે જાવું કાશી ઉત્તર
મારે જાવું દક્ષિણ રામેશ્વર
બન્ને સ્થાને બિરાજે ઈશ્વર
છોને મંજિલ દક્ષિણ ઉત્તર.

==============================
૨૯૫

ધ્યેય રાખો જો પરમ
ધ્યેય રાખો જો ધરમ
ને કરતા રહો કરમ
મરમ આ પમવાનો પરમ.

===============================

==============================

૨૯૪

હવે તો આંખો રહે છે સતત ઉદાસ ઉદાસ
બિડાય ના પળ ભર,હો તમસ કે હો ઉજાસ.

ખાતાવહીના ખોલ્યાં પાનાં,નીકળ્યાં સહું કોરાં
શું લેવું,કોને શું દેવું,ના મળે હિસાબ કિતાબ.

===============================================

૨૯૩

જન્મથી મૃત્યુ સુધીનો આ જીવન લીસોટો
જીવ વનમાં રહ્યો કેટલું ખોટું ભટકતો?

===============================================
=

============================

૨૯૨

તમે આપનારા સમર્થ
અમે લેનાર ખોટા, વ્યર્થ
તો દેજો ધરીને વિવેક
અમે કરીએ અનેકનું એક.

============================
==================================================

૨૯૧

જન્મથી મૃત્યુ સુધીનો આ જીવન લીસોટો
જીવ વનમાં રહ્યો કેટલું ખોટું ભટકતો?

==========================================

========================
૨૯૦

તમે આપનારા સમર્થ
અમે લેનાર ખોટા, વ્યર્થ
તો દેજો ધરીને વિવેક
અમે કરીએ અનેકનું એક.

========================

=======================
૨૮૯

જ્યાં પોષાય મન,તન
તે આપણું વહાલું વતન
હો ભારત કે હો બ્રિટન
જ્યાં તન તે જ વતન

=======================
=======================
૨૮૮

હું તો જલબિંદુ છું
સીધો સાદો સિંધુ છું
હું તો એક સિંધુ છું
ગરજતું જળબિંદુ છું

===========================
===========================

૨ ૮ ૭

વતન એટલે ....

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

=====================

જ્યાં પોષાય આપણું તન
તેજ આપણું વહાલું વતન .
હોય ભારત કે ગ્રેટ -બ્રિટન
જ્યાં હો તન તે જ વતન .

=====================
===========================

===========
**૨૮૬**

**કેમ ચઢાવે માણસ કબર પર ફૂલ-હાર,ફૂલ-માળા?**
**જગને છે સંદેશઃમાણસની હાર હવે ભરો ઉચાળા.**

**૩/૬/૨૦૦૬**

===============================================
===========

=============================================
**૨૮૫**

**પાણીમાં ફરવાનું,પાણીમાં તરવાનું,ઘર ફરવાનું**

મત્સ્ય છું,જનમ પાણીમા ંને પાણીમાં મરવાનું
જીવન મારું પાણી પાણી,મરણ મારું ઝરણ ઝરણ
હો છીછ્રું કે હો ઊંડું,પાણીથી શું ડરવાનું?

૩/૬/૨૦૦૬
========================================

==========================
૨૮૪

જ્યારે જ્યારે મુટ્ઠી ખોલી
હાથથી નીકળી હવા ખાલી
જ્યારે જ્યારે મુટ્ઠી ખોલી
હસતી ઊભી ખાલી તાલી.

૨/૨૭/૨૦૦૬
===========================
===============================
૨૮૩

મને ખબર છે બસ એક વાતની
લોકો કરવાના વાત જાતજાતની
પ્રકૃતિ પણ ખિલાફ એક રંગની
ઊગે પ્રભાત લૈ ભાત જાતજાતની?

૨/૨૭/૨૦૦૬

==============================
૨૮૨

કોઈ દિન છોટા કોઈ દિન મોટા
કોઈ દિન હસતા કોઈ દિન રોતા

વાત વાતમાં વીતી જવાના
ટગર ટગર રહી જઈશું જોતા

૨/૧૭/૨૦૦૬
===================================
================================================
૨૮૧

ખાધું એનું ખાતર ને પીધું એનું પાણી
માનવ તારું જીવન તો નિશદિનની ઉજાણી.

૨/૧૧/૨૦૦૬
================================================
=

========================================
૨૮૦

અમારી મામૂલી ભૂલ પણ મોટો ગુનો
તમે કરી નાખો કતલ તે પણ માફ
તેથી રહ્યો હું આજીવન તારી કેદમાં
આ તે શું કર્યું અમે પાપ,મારા બાપ

૨/૧૭/૨૦૦૬
========================================

========================================
૨૭૯

તમે ઓછું દીધું તો ઓછું લીધું
ને વધું દીધું તો વધું લીધું
ઓછું વધું દેવું તમારી સમસ્યા

અમે સદા ફાયદામાં,ઓછું કે વધું.

૨/૧૭/૨૦૦૬

==================================

૨૭૮

તમે સદા બોલાવ્યો
હું ના કદિયે આવ્યો
તમે ખબર પુછાવ્યા
મેં જવાબ ના વાળ્યો.

જો,આજ દોડતો આવ્યો
બધાંની સાથ બેઠો;
આંખમાં બે આંસુ લાવ્યો
ફોટા પર ફૂલહાર ચઢાવ્યો.

ના મળતોતો તો નહોતી લાગી એકલતા;
આજે સહુની વચ્ચે લાગે છે એકલવાયું.

૨/૮/૨૦૦૬

====================================

૨૭૭

ગુલની વાત છે,ચમનની વાત છે
લાગ્યો જે તે કુમળા આઘાતની વાત છે
પત્તી પરથી જે સરકીને ભોં પર પછડાયું
તે ઝાકળબિંદુના આઘાતની વાત છે.

===================

૨૭૬

તમે કરો તે કામ
અમારું સહું હરામ;
અમે બોલીએ એ બકબક
તમે બોલો તે હરિનામ.

અમે રહીએ છેવાડે ઠેઠ
તમે તો ગામના નગરશેઠ.

૨/૭/૨૦૦૬

===================

૨૭૫

જ્યાં જ્યાં રણ હોય છે
થોડું પાણી, પણ હોય છે
ભલે ને હોય વેરણ છેરણ
ત્યાં જીવન પણ હોય છે.

૨/૭/૨૦૦૬

===================

=======================

૨૭૪

લેખો લખનાર લેખક
કાવ્યોનો કરનાર કવિ;
રાતે ઊગે તે ચાંદલિયો
પ્રભાતે પ્રગટે તે રવિ.

૨/૫/૨૦૦૬

===============

૨૭૩

આંધળાની વિનંતિ

============================

શું છે તારા હાથમાં? મને શી ખબર?
ફૂલ છે કે પથ્થર છે,મને શી ખબર?
અંધ છું એજ છે મહા સદભાગ્ય મારું
કોણ શું મારશે એની ના પડે ખબર.

આંધળો કમજોર હોય છે એવું ના માનશો
ફૂલ થોડું લાગશે પથ્થર થોડો વાગશે
પણ બાથમાં એની જો આવી ગયા તો જાણશો
ફૂલબદન તમારું નીચોવાઈ અત્તર થઈ જશે.

આંધળો છું,મા-બાપ! મુજથી દૂર રહેશો
ફૂલ કે પથ્થર મારવાની કોશિષ મા કરશો.

૨/૫/૨૦૦૬

==============================================

૨૭૨

હાથમાં ક્યાં કોઈ વસ્તુ હોય છે?
વગર વગે હાથમાં આવી જાય છે;
હવાને કોણ કહે છે 'આવ તું'
હવા સ્વયં દમમાં આવી જાય છે.

૨/૩/૨૦૦૬

============================

===========================

૨૭૧

થઈ જાય તે કવિતા
લખવો પડે તે લેખ
બુઝાઈ જાય તે દીવડો
મિથ્યા ના વિધિના લેખ.

૨/૩/૨૦૦૬
============================
==========================
૨૭૦

બીજને રોપી દ્યો
મા ધરાને સોંપી દ્યો
કરવું હોય તે કરે એ
જવાબદારી આપી દ્યો.

૨/૨/૨૦૦૬
===============================

================================================
૨૬૯

કોઈ કોઈને કંઈ સહાય કરતું નથી
બધાં કંઈ ને કંઈ વ્યાપાર કરતા હોય છે;
શબ્દો બે ચાર સારા બોલી ગયા તો શું થયું?
બૂરા વિચાર મનમાં હજાર કરતા હોય છે.

૨/૨/૨૦૦૬
================================================
=
૨૬૮

જે હમેશાં બીજાનો વિચાર કરે છે
ને બીજાનું કાયમ ભલું જ કરે છે;
તે બધાં સર્વ સંકટોથી પર થઈ
સંસાર-સાગરમાં સુખથી તરે છે.

૨/૨/૨૦૦૬

==========================================
=

==================================

૨૬૭

બોલાવ એને વરની જેમ
નહિ કે નોકરની જેમ;
કર નહિ આમ ઘાંટાઘાંટ
નીરખ એને પરણ્યાની જેમ.

૧/૨૮/૨૦૦૬

===========

=====================

==========

૨૬૬

એકલ-પંથી

=====================

ના હું કોઈનો લેણદાર છું
ના હું કોઈનો દેણદાર છું
આવ્યો  જગે ફરવા એકલો
ને પાછો એકલો જનાર છું.

ડિસેમ્બર ૨૮,૨૦૦૫
======================
=======
૨૬૫
સમજવાદ
=======

કોઈ પણ દુખી નથી અહીં સામ્યવાદી.
કોઈ પણ સુખી નથી અહીં મૂડીવાદી.
સહુ સરખા સુખી અમે માનવવાદી.
સમજીને જીવનારા અમે સૌ સમજવાદી.
જાન્યુઆરી ૦૬,૨૦૦૬

==============================

======================
======
૨૬૪
આગમન
==========================================

ધર્મરાજા હતા ને વળી ત્રેતાયુગ હતો;
જુગટું ને ચિરહરણનો શિરસ્તો હતો.
કૃષ્ણ પાંડવ સામે ભીષ્મ-દ્રોણ ઊભા હતા;
ત્રેતા પાછળ કળિયુગ કતારમાં ઊભો હતો.

૭/૨૪/૨૦૦૫

=========================================

===================================

૨૬૩

ગમગીન હો ત્યારે વાંચજો

===================================

જ્યારે જ્યારે મને જરૂરત પડી છે
તેં મને ત્યારે સાઉંડ એડ્વાઈસ આપેલી છે.
એનો ઉપયોગ મેં ના કર્યો કદી પણ
તેથી મને ફત્તેહ સો ટકા મળેલી છે.
કારણ પૂછો છો તો જાણી લો એ કારણ
એમાં ૯૯% **Sound,** ૧% **Advice** ભરેલી છે.

=====================================
================

૨૬૨

અહીંનું અહીં

================

શું લઈને આવ્યાતા,શું લઈને જવું છે?
અહીંની વસ્તુ અહીં જ મૂકીને જવું છે?

૫/૨૬/૨૦૦૫

=====================================
==============

૨૬૧

બાપ રે બાપ

===================================

ના આવે પાસ,ન જવા દે દૂર
ભગવાન જેમ હાજરાહજૂર;
આ તે કેવી ઉલ્ઝન છે, પ્રભો!
આ તે કેવી દુલ્હન છે,શમ્ભો!
૫/૧૧/૨૦૦૫

==================================

=============

૨૬૦

કાકાકૂ

==================================

કોયલ કાગા સાથે બેઠા.
બોલે બોલી મીઠી માઠી.
કોયલને કહો ગાતી જા;
કાગા ઉપર ઉપડે લાઠી.

૫/૧૦/૨૦૦૫

=================================

---

===========

૨૫૯

કરુણાંતિકા

=========================

હું ગીત ગાતો રહ્યો,
તમે આંખ લૂછતા રહ્યા;
આ કેવો તમાશો હતો?
લોક સહુ જોતા રહ્યા.

વાવંટોળની પાંખે ચઢી
ખેતરો ને ખીણો મહીં

સૂર ગીતો તણા ઊડતા રહ્યા
લોકસહુ જોતા રહ્યા.

તાર વીણા તણા ઝણ ઝણે
સ્વર નભે પ્રસરતા રહ્યા;
આંખો તુજ બની સમંદર
લોકસહુ જોતા રહ્યા.

હું ગીત ગાતો રહ્યો
આંખો તુજ વરસતી રહી;
કારણ કેવો આ તમાશો?
લોકસહુ જોતા રહ્યા.

નવેમ્બર ૧૮,૨૦૦૫.

=========================
=========
૨૫૮
સાચું શું?
===================
બોલવાની શી જરૂર?
પેન છે ને પેપર છે;
હોઠોને તું સીવી લે,
સોચ છે ને દોર છે.

ખાવાની શી ફિકર?
ખેડૂ છે, ખેતર છે.
ચાલવું શું જરૂરી?
ગેસ છે, મોટર છે.

બિમારીથી ના ડર;
દવા છે, ડોક્ટર છે.

મૃત્યુની ના કર ફિકર;
તું છે ને ઈશ્વર છે.

ભીતરથી ના ડર,
સારું છે, સુંદર છે;
પેસી જા તું અંદર,
ભીતર સુંદરતર છે.

નવેમ્બર ૦૨,૨૦૦૫
=====================
============
૨૫૭
નજર નજરનો ખેલ
========================
આંખ સન્મુખ શબ્દ છે
શબ્દ બરોબર વંચાય છે.
આંખ સન્મુખ છે છબી
છબી બરોબર દેખાય છે.

લ્યો,ઘડીભર આંખો બંધ કરી;
શબ્દ ક્યાં હવે વંચાય છે?
છબી ક્યાં હવે દેખાય છે?
શું શબ્દ, છબી ગાયબ છે?

જન્મ સાથે આંખો બંધ હતી
શબ્દ,છબી,બધાં એમ જ હતાં.
નજર નજરની આ ભૂલ ભૂલૈયા
નજર હો તો, હાજર હજૂર છે.

નવેમ્બર ૦૨,૨૦૦૫
======================

=======
૨૫૬
હા ના ?
======================

ઓક્ટોબર ૧૭,૨૦૦૫.
ના પાડોતો દુઃખ છે
હા પાડોતો સુખ છે?
તો ચૂપ રહેવું કેવું?
પરમાત્માની કૃપા જેવું.
હરિ-સ્મરણમાં રત રહેવું
હા નાથી બસ કટ રહેવું.
=======================

===============
૨૫૫
ધરતી ફરી ગઈ !
===============
ધરા ધરી પર ફરે છે.
મને ખબર છે તમે આ જાણો છો.
હું તમારી પરીક્ષા નથી કરતો.

પણ આ વાત નવી છે.
તમે શાળામાં આ ભણ્યા ન હતા.
તમારા શિક્ષક પણ આ જાણતા ન હતા.
એટલે મેં કહ્યુંઃ
ધરા ધરી પર ફરે છે.

કેટલી વાર?
હવે આનો કોઈ હિસાબ નથી.
મસ્તક ફરી જાય એવા જવાબો છે.

તમે અને હું જે ભણ્યા એ બધું
ભૂલી જવું પડે તો આ સમજાશે.

હવે કવિતાનો આ બીજો ફકરો વાંચો.
પહેલો **Atom Bomb** ઝીંકાયો
ત્યાં સુધી તમે ભણ્યા તેમ
ધરા સમયસર ફરતી'તી ધરી પર.

પછી આ શસ્ત્રોનો ભંડાર વધતો ગયો.
**Hydrogen Bomb** આવ્યો.**missiles** આવ્યાં.
નિત નવા એના વાહક વિમાનો આવ્યા.
પહેલા બેચાર દેશો પાસે હતા.
હવે દુનિયાના બધા દેશો પાસે આવ્યા.
આ વિરાટ પરમાણુ શક્તિનો ભંડાર
ધરતીના પેટાળમાં ભેગો થતો ચાલ્યો.
ધરાની ઉર્જા ભયાનક હદે વધી ગઈ.
કહો હવે એની ચક્રાવાની ગતિ વધી ગઈ
એમાં નવાઈ જેવું ખરું?
રોજેરોજ વધે એમાં પણ નવાઈ જેવું ખરું?

ધરા ધરી પર ફરે છે.
એ સાચું.
પણ તમે અને હું ભણ્યા'તા
એ ગતિથી નહીં.
કોઈ પૂછે તો જૂનો જવાબ આપતા નહીં.
નપાસ થઈ જશો.

ઓક્ટોબર ૧૭,૨૦૦૫.
==================================

========

અચ દોસ્તો !!

=========================================

આ માંદગી પણ છે તમારી દેણ,દોસ્તો, શું કહું?
આવ્યા છો  મળવા તો લ્યો મળી,અચ દોસ્તો,શું કહું?

બહાર હસતો ને ભીતર રોતો રહ્યો હું સદા;
તમે ભેટ આપી કેવી આ કળા, અચ દોસ્તો, શું કહું?

આ તરબતર આંખો તમારી કહે છે નોખી કથા;
અંદર તમે હસી રહ્યા છો, અચ દોસ્તો, શું કહું?

શીખ્યો'તો  જીવનમાં કે વેરી ન બન કોઈનો;
ઉણપ એ તમે પૂરી કરી, અચ દોસ્તો, શું કહું?

પ્રવીણે એટલે નિર્ણય કર્યો કે જા તું એકલો;
ચાલો ખુશ રહો, આથી વધુ, અચ દોસ્તો, શું કહું?

ઓક્ટોબર ૦૯,૨૦૦૫.
=========================================

===============
૨૫૩
પહેલા પહેલા પ્યાર
===========================
પ્રથમ દૃષ્ટિએ તમે સારા લાગ્યા
ક્સમથી, પછી બહુ સારા લાગ્યા.
આંખના તારા, જાણે ફૂલના ક્યારા,
બસ પ્યારા જ પ્યારા,બસ મારા જ લાગ્યા.

જુલાઈ ૨૪,૨૦૦૫

============================

==============
૨૫૨.
ભાગ્યની ચોપાટ
================================

મને મળ્યું જુઓ આ ભાગ્ય કેવું?
કમાવાના દિવસો ને માગવામાં ગયા;
દુર્દશા તો જુઓ ક્યાં લઈ ગઈ?
રાત-દિન સૂતાં સૂતાં જાગવામાં ગયા.

સપ્ટેમ્બર ૨૮,૨૦૦૫
================================

========
૨૫૧
લાચારી
====================

લખાવ્યો છે આ પત્ર મેં
વાંચ ચા તો ફાડી નાખ;
જવાબની જરુર નથી;
વાંચવા નથી આંખ.

સપ્ટેમ્બર ૩૦,૨૦૦૫
====================

=======
૨૫૦
તુંજ તું
==================

રહી શક્તો નથી હવે
ઘડીભર તારા વગર;
ડોક ટ્ટાર ના ગર્વથી
નજર છે તારા ઉપર.

સપ્ટેમ્બર ૩૦,૨૦૦૫
===================

=========
૨૪૯
જીવનવન
=========

આરમ્ભમાં એ જેવું હતું
અંતમાં એ તેવું જ હતું
જન્મથી તે મૃત્યુ સુધી
આ જીવન , વન હતું.

સપ્ટેમ્બર.૧૨,૨૦૦૫
======================

====================
૨૪૮

મને ચાંદો લાગે વ્હાલો
સૂરજ દાદા ના ઊગો;
ચાંદની રાતો ના લૂંટો
સૂરજ દાદા ના ઊગો.

૨૩-૭-૦૫

====================
૨૪૭
???
===================

તમે ભલા હસતા રહ્યા;
અમે ભોળા ફસતા રહ્યા;
તમે ધીરે ખસતા ગયા;
અમે હાથ ઘસતા રહ્યા.

૭/૨૪/૨૦૦૫
===================
======
૨૪૬
આગમન
======

ધર્મરાજા હતા ને વળી ત્રેતાયુગ હતો;
જુગટું ને ચિરહરણનો શિરસ્તો હતો.
કૃષ્ણ પાંડવ સામે ભીષ્મ-દ્રોણ લડે;
કતારમાં પાછળ કળિયુગ ઊભો હતો.
૭/૨૪/૨૦૦૫

===============================
==============
૨૪૫
તમે જશો ત્યારે!
=====================================
તમે જ્યારે જતા રહેશો જગતથી ત્યારે શું થશે?
ચાંદ-સૂરજ,રાત-પ્રભાત,એમ જ ચાલ્યા કરશે.

તમે જ્યારે જતા રહેશો જગતથી ત્યારે શું થશે?

સગા, વહાલા, મિત્રો, બસ દિન દસ યાદ કરશે.

તમે જ્યારે જતા રહેશો જગતથી ત્યારે શું થશે?
પત્ની-પુત્ર-પુત્રી,મા-બાપ,માસ બે માસ યાદ કરશે.

તમે જ્યારે જતા રહેશો જગતથી ત્યારે શું થશે?
જેમ તમે ભૂલ્યાતા સૌને, તેમ તમને ભૂલી જશે.

તમે જ્યારે જતા રહેશો જગતથી ત્યારે શું થશે?
બધું એમ જ રહેશે, ન કૈં આસ્માની-સુલ્તાની થશે.

તમે જ્યારે જતા રહેશો જગતથી ત્યારે શું થશે?
પ્રવીણ બધું હેમખેમ, ત્યાંનું ત્યાં એમ જ રહેશે.

જુલાઈ ૧૪,૨૦૦૫
========================================

==============
૨૪૪
આ તે કેવી વાર્તા!
==============================================
મા ઉમા આવ્યા, સાથે ગજાનન ને હરહર આવ્યા
સીતા સહ લવ કુશ,રામજી,હૂપાહૂપ વાનર આવ્યા
રુક્મણિ કૃષ્ણ,અનિરુદ્ધ સાથે ગોપ ગોપી આવ્યા
એક દિન ઉજાણી કરવા બધાં માન સરોવર આવ્યા.

ડફ ડમરુ શિવજી બાજે,કાનાએ છેડી મધુર બંસી
રામ મલક મલક મલકે, વાનર નાચે તા થૈ તા થૈ
સીતા માતા, રુક્મણિ એક બીજાને હરખે દેતા તાલી
સરોવરે હંસો ડોલે, ગોપ ગોપી રહ્યા રાસે મ્હાલી.

મથુરા ને ગોકુળ નાચે,હિમાલયની સહુ ટોચો નાચે

અયોધ્યાની સરયૂ નાચે, ઇંદ્રલોકે ઉર્વશી રંભા નાચે
નભ મંડળનાં વીજચોક્માં રવિ, સોમ, સિતારા નાચે
ધરતી માથે ધેનુ નાચે,મનુ નાચે,માળાનાં પંખી નાચે.

પ્રવીણ તમારી વાત ગમી ! જાણી નહોતી આવી મિજબાની
એકસાથે આવી અમે કદિના  દીઠી દેવોની ઉજાણી.
જગમાં જય જયકાર થયો સાંભળી આ નોખી ક્હાણી
ધન્ય બન્યા સહુ પશુ પંખી પણ, જાણી આ નવીન વાણી.

૭/૪/૨૦૦૫
==========================================

========
૨૪૩
મનીષા
==============================
એવું કૈંક ક્રો મળી જાય છોરો  છોરી;
રૂડી જામી જાય એ છોરા છોરીની જોડી.
૬/૩૦/૨૦૦૫
==============================

=========
૨૪૨
કેવી નિરાંત
===================
રસ્તો છે ને મોટ્રો છે
હશે,કૈંક થયું હશે;
ચાલો આપણે આગળ;
કેટ્લું બધું કામ છે?

હાશ,ઘરે આવી ગયા!
‘રોહન‘ કેમ ક્યાં છે?

સવારથી જોયો નથી;
છોકરો માથાફરેલ છે.

કાર ખરાબ ચલાવે;
ગમે ત્યારે ઘરે આવે;
જુઓ,કોની રીંગ વાગી?
જરુર રોહનની જ.

કારમાં રોહન ખલાસ.
ફોન બોલીને ચૂપ છે.
રસ્તો છે ને મોટરો છે,
હશે કૈંક થયું હશે.

૬/૨૮/૨૦૦૫
====================

===============
૨૪૧
દીકરી બની વહૂ
=============================
છોકરો છોકરીને મળવા જાય છે;
છોકરી છોકરાને મળવા જાય છે;
બન્નેની વાતચીત જો જામી જાય છે;
તો બન્નેના લગ્ન પણ થઈ જાય છે.

માતા પિતા, ભાઈ, બહેન, જૂનું ઘર;
સઘળું પાછળ એવું છૂટી જાય છે;
સાસુ, સસરા, દિયર, નણંદ, ઘર
આ સઘળું સ્વાભાવિક મળી જાય છે.

સાસુસસરા બાબાપા, દિયર ભાઈ,
નણંદ બહેની, વળી પ્યારો પ્રીતમ,

પ્યારી રાતો વાતો,બાળકોની સોગાતો;
સર્વ પામી કરતી સુખની ખેરાતો.

બાપનું ઘર નિજ, સદા સલામત;
જાણે બેંકમાં ડીપોઝીટ અનામત!
અને ચાલુ ખાતુંતો પ્રીતમઘર છે
કહો દીકરી શું છોડી,શું વસાવે છે?

સાસુની વહૂ, દિયરની પ્યારી ભાભી;
વરની વ્હાલી, સંતાનોની વ્હાલી મમ્મી;
બેટી સાસરે, સહુમાં ભળી જાય છે?
જગમાં તેથી એ લાડલી કહેવાય છે.

૬/૨૫/૨૦૦૫
==================================

============
૨૪૦
અમથું અમથું
=====================

અમથા અમથા, એની મેળે
ફડ ફડ કરતું રડવું આવ્યું
અમથા અમથા એની મેળે
ખડ ખડ કરતું હસવું આવ્યું
સમજો ના આ ગાંડપણ છે
સમજો ના આ ડહાપણ છે
અમથું અમથું બચપણ આવ્યું
અમથું અમથું ઘડપણ આવ્યું
વચ્ચે જોબનને ઝોકું આવ્યું
અમથા અમથા એની મેળે
રડવું આવ્યું, હસવું આવ્યું

બસ બધું આ અમથું અમથું
તો ભૂલી જાઓ અમથું અમથું
હોય સમજવું તો સમજી જાઓ
ખાલી, ભરેલું અમથું અમથું

૬/૨૩/૨૦૦૫
========================

====================
૨૩૯
ગમગીન હો ત્યારે વાંચજો
==================================

જ્યારે જ્યારે મને જરુરત પડી છે
તેં ત્યારે સાઉંડ એડ્વાઈસ આપેલી છે.
એનો ઉપયોગ મેં ના કર્યો કદી પણ
તેથી મને ફત્તેહ સો ટકા મળેલી છે.
કારણ પૂછો છો તો જાણી લો એ કારણ
એમાં ૯૯% સાઉંડ*,૧% એડ્વાઈસ ભરેલી છે.

*ઘોંઘાટ
==================================

==========
૨૩૮
પાવન મૈયા
============================
ગંગા પડે શિવ શિરે,શિવ શિરે ઘરે
ઊતરે શિવ જટા પરથી ધીરે ધીરે
વળી ત્યાંથી ફરી આગળ કૂચ કરતી
ઊતરે ધરા ઉરે ને ખળ ખળ વહે.

તીર પરે ઊભરે પાવન તીર્થ ધામો;
પાવન જળે સ્નાન કરી બને પવિત્ર જનો;
સંગમે ડૂબી પુનિત હો રાખ દેહોની
તારતી સહુને આવી મા હર હર ગંગે.

હો શિવ જીવદાતા, જે જીવોની સુખદાતા,
હોય ના આ માતા, શતમુખ વિનિપાતા.

૬/૨/૨૦૦૫
==================================

=============
૨૩૭
ઘેલી રે ઘેલી
==========================================
જ્યારે વીજ ચમકે આભમાં, વરસે અનરાધાર
રાત અંધારી ચટકા ભરે, પ્રીતમ વ્હેલેરા આવજો.

સહિયરો સજધજ ફરે, લેતી તાલી સહિયરુંને સંગ
હું કૂટું હાથે માથડું, પ્રીતમ વ્હેલેરા આવજો.

બાર ભમરા ગુનગુન કરે, ઘરે ભમરી ભટકાય
લોટ ભૂલી તાસકે જળ ભરું, પ્રીતમ વ્હેલેરા આવજો.

ચૂડી ચટકે હાથમાં, નાકે નથ સોમણનો ભાર
પાચે કડલાંની બેડી પડી, પ્રીતમ વ્હેલેરા આવજો.

આજ બોલ્યો કાગડો, જાણે દેવર બોલ્યો 'મોટાભઈ!'
હૈડું બોલે મારે ઓરડે પિયુજી પરથમ પધારજો.

૫/૨૬/૨૦૦૫
==========================================

=====================

૨૩૬

મેં તો પડતું આભ પકડ્યું

=====================

અંતરના ભાવથી હું તમારે ચરણે પડ્યો છું;
લાગે છે એવું જાણે પ્રેમને ઉદધિ ચઢ્યો છું.

સ્પંદનો, લાગણીઓનો મહોદધિ ઊછળી રહ્યો છે;
હરેક ઊછાળે  આપની નિકટ આવી રહ્યો છું.

નશો ચઢ્યો નસ નસમાં,મસ્તકે,કદમમાં;
હું લથડું છું,પણ આભ પડતું રોકી રહ્યો છું.

દરિયો શાંત છે, મોજાં સ્થિર છે, જળ પણ સ્તબ્ધ;
ડગમગ પગ સ્થિર કરવાને મથી રહ્યો છું

પ્રવીણ,શી કમત સૂઝી? ગટરમાં શું શોધો છો?
હું ચાલ્યો ઘેર,બાકી રહ્યો તે પૂરો કરી રહ્યો છું.

૫/૫/૨૦૦૫

=================================

========

૨૩૫

જોઈએ

========

ઠાઠતો જુઓ શ્રીમંતાઈના આ પ્રદર્શનનો
રોજ સવારે રમવાને સોનેરી સૂરજ જોઈએ.

ઈંટો દિવાલની ઘણી ભલે ખરી પડી હોય
કોટના કાંગરા  પડુ પડુ, પણ બૂરજ જોઈએ

ગરજની પણ છે હદ; માણસની લાચારી તો જુઓ;
માથે દેવાનો ડુંગર, તોયે નવું કરજ જોઈએ.

દરિયાની જેમ ગહન આ દરદનું શું કરું હું?
પાગલ જેમ હસી તો લૌ,પણ બહુ ધીરજ જોઈએ.

હસી નાખે છે જગના લોકો મને મારા વિચારો પર;
કેમ હસ્યા કહેતું નથી;એટલી તો સમજ જોઈએ

પ્રવીણ પેટમાં આ જે આગ જેવું લાગી રહ્યું છે ને?
તે ઓછી મદિરા,ગળતું જામ લઈ મરીઝ હોવા જોઈએ.

૫/૨/૨૦૦૫
=====================================

====
૨૩૪
એ તરફ
=====================================

બધાંય ક્યાં જાય છે? તે પણ વળી બસ એકલાં?
જરૂર કૈંક વધારે સારું હોવું જોઈએ એ તરફ.

કાફલો બને કેવી રીતે? છે સહુ આપમતલબી;
એટલે ગુપચુપ ચાલ્યા જાય છે, એકલા એ તરફ.

માંદગી, કે તાવતરિયો, કે હૃદયનો હૂમલો;
ડરામણાં બતાવે કારણો ને જાય એકલા એ તરફ.

શું હશે ત્યાં? માણસો કૈં એમ મૂરખ તો નથી;
તપાસમાં નીક્ળી પડે છે, પણ એક્લા, એ તરફ.

છોડી સહુને ઊંઘતા, ખબર ના પડે એ રીતે;
પ્રવીણ,તમેય નીક્ળી પડો,એક્લા એ તરફ.

મે,૧,૨૦૦૫
====================================

===============
૨૩૩
હતા ત્યાં ને ત્યાં
===========================

મનની વાતો મનમાં રાખી
જ્ઞાનની વાતો જ્ઞાનીને સોંપી
આંખો બંધ ક્રી જોયું તો?
ચપટી રાખ રાખમાં નાખી.

એપ્રિલ,૨૯,૨૦૦૫
===========================

==========
૨૩૧
====
દીક્ષા
શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ
==============================

ગુરુ કહે ચેલાનેઃ 'બેટા ,ચિલમ જલાવ '
ચિપિયો ઝાડી જોરથી કહેઃકસ લગાવ .

ખોંખોંખો ઃ કરતો ચેલો પડ્યો જેવો હેઠે
ગુરુ કહે વ્હાલથીઃ ’બેટા ,અલખ જગાવ ’

================================

==========
૨૩૧
વતનનો સાદ
==========

વસવું છે વિદેશમાં, ને હર વાતે સ્વદેશ;
પહેરવાં કોટપાટલૂન,વાતોમાં ધોતી,ખેસ.

કેશ ને ક્લાપ! શું દેશ હોય કે હોય વિદેશ;
રંગ એ જ રહેશે,હો સાધુ,હો પોપનો વેશ.

એકજ છે ગુલાબ જે અહીં, તે જ ગુલાબ ત્યાં;
શોભે અહીં વાઝમાં, ત્યાં બેની બાને કેશ.

ઘર આગળ અહીં મોટરો, ઘર બહાર ત્યાં ઓટલો;
ત્યાં મોંઘુ પેટ્રોલ પડે, અહીં સસ્તો પડે ગેસ.

ચાલ પહેર પહેરણ,ઝબ્બો,ધોતી,માથે ટોપી;
બની જા દેશી,કર ચૂપ આ મારો દેશ મારો દેશ.

પ્રવીણ, જાણું છું, છે કઠણ ભૂલવું નિજવતન;
ભરા ઉચાળા, બાંધ ગઠરિયા,ચાલો આપણે દેશ.

એપ્રિલ ૨૭, ૨૦૦૫
=======================================

===========

૨૩૦

ક્યારે હિસાબ?

===================

મૌન જ્યારે નિજ મુખ ખોલે,
ત્યારે પૂછી લેજો હિસાબ;
આજકાલ છે શબ્દોના દિવસો,
વાંચી લો ચોપડામાં હિસાબ.

ઓગષ્ટ ૨, ૨૦૦૫

===================

===========

૨૨૯

લાગ્યું તો તીર...

=====================

સ્મિત સામે સ્મિત ફરકાવવું;
વાત નથી ગભરાવા જેવી.
લાગ્યું તો તીર, નહિ તો તુક્કો,
નહિ તો થઈ જાય જોવા જેવી.

૨/૧૦/૨૦૦૫

=====================

======

૨૨૮

ગઝલ

=============================================

જગતમાં પહેલી વાર,આંખોથી આંખો ચાર, લડી પડી હશે;
ગઝલ પણ પહેલી વાર, હોઠોથી ખડખડાટ, હસી પડી હશે.

પછી પહેલી વાર,વિના કારણ વિચાર,લડી પડ્યા હશે પ્રેમી;
ગઝલ પણ ત્યારે પહેલી વાર,જોઈ આ વહેવાર, લડખડી હશે.

વૃક્ષ નીચે બે પ્રેમી,વિના શબ્દોચ્ચાર,વાત કરી રહ્યા હશે;
ગઝલ પણ વિવશ, લાચાર,વિના વિચાર,ઊભે પગે ખડી હશે.

શોક,કરુણા,ઉગ્ર બોલચાલ,મનામણાં ને મુખ ઊલટાં જોઈ;
ગઝલ બની વાદળી, પોકે પોકે મૂશળધાર વરસી પડી હશે.

પાગલ પ્રેમીનો પસ્તાવો ખેંચી ગયો હશે એને મયખાનામાં;
ગઝલને પણ ત્યારે સનમ,સાકી,સુરા, શમાની આદત પડી હશે.

પ્રવીણ, તમે તો કવિતા કરતા હતા,કાં ગઝલ પર ચઢી ગયા?
ગઝલોનાં આ સાકી સુરા લાગે છે તમને પણ ચઢ્યાં હશે.

મે ૨,૨૦૦૫
==========================================

====
૨૨૭
જગો !
============================

એક હતો છોકરો, હતું જગો એનું નામ
લોકો કહેતા એને ઢગો, કરતો એવું કામ.

બાપે કહ્યું:લઈ આવ એક શેર કાજુ-કત્રી

જગો લઈ આવ્યોઃ એક શેરની બુક ઓન પોએટ્રી.

નક્કી થયું જોવા જાવું:ફેક્ટરી ઓફ ટોય્ઝ
જગો પહોંચ્યો ફાઉંડ્રી,લઈ એક ડઝન બોય્ઝ.

ટીચર કહે ક્લાસનેઃ કોને જોવી છે પોટરી?
જગાએ શો કરીઃ મિલિઅન ડોલરની લોટરી.

ટીચરે ફૂટપટ્ટી કાઢી જગાને મારી દીધી બેચાર
જગો કરે વિચાર,ટીચર કાં મને મારે  માર?

એજ દિ જગાની લાગી લોટરી, જગો જગાલાલ;
નાણા વગરનો જે નાથિયો,નાણે નાથાલાલ.

મે ૨, ૨૦૦૫

==================================

============
૨૨૬
રક્ત નીતરે આભ
======================================

ઊડે ગીધો આકાશે, સમળી નીચે કરે તપાસ
નીચે કૈંક તો  છે, સિવાય રોટલો કે છાશ.

લાલ લાલ લાંબી લાંબી લ્હાય લબકે આભમાં
ભડ ભડ ભડકે આ શું બળે? કોક કરો તપાસ.

સત્તાઘેલા,શસ્ત્રોઘેલા લાગે છે બન્યા પાગલ
નહિ તો ના બને આ, મા ધરતી શું રડે ઉદાસ?

વણજારો માનવની આ? શું થૈ રહ્યું છે આ?
કોઈક તો બોલો, કાં ધરતીનો લાલ લિબાશ?

ચારે બાજુ આ વાઘવરૂ, નીચે નમી જમી રહ્યાં
પ્રવીણ, કર તપાસ, છે ને સલામત  તારી લાશ?

એપ્રિલ ૨૪,૨૦૦૫
===================================

=======
૨૨૫
અનહોની
===================================
મૃગજળની કલ્પના જૂઠી ઠરી,
મૃગોએ મૃગજળથી તરસ છીપાવી.
કેવો આ છુપાછુપીનો ખેલ ભચો?
રણોએ સૂરજની ગરમી ક્યાં છુપાવી?

એપ્રિલ ૨૫, ૨૦૦૫
===================================

=====================
૨૨૪
આસીમ પૂછે આદિલને
==============================================

આસીમ પૂછે આદિલનેઃ પહોંચી કવિતા કેટલે દૂર?
આદિલ કહેછે આસીમનેઃ અહીં તો ગઝલોના ઘોડાપૂર.

અગમ-નિગમની વાતો કરતી  કવિતા ચાલી ગઈ બહુ દૂર,
સનમ,સાકી,સુરાની ગઝલો હવે કરે છે ચિંતન ભરપૂર.

છોને કવિતા રાણી  ભર બજારે  નાચે પાચે ઘાલી નૂપુર,
સાદાઈમાં જાહોજલાલી લીલાની  રહેશે કાયમ ભરપૂર.

બેફામે મોકલ્યો છે તમને પૈગામઃઆસીમ સા‘બ ,આદાબ,
થાક્યો છું ક્યાં? છું ઘરથી કબર જેટલો જ દૂર.

સૈફ કહે છેઃ ચાંદની રાતે નાહક થઈ ગયો બદનામ.
સહુને કહેજો કે સૈફ હતો સાફ દિલ રમતારામ ભરપૂર.

આદિલની આ વાતો સાંભળી આસીમના જર્જર દેહે આવ્યું જોર;
લલકાર કર્યો, ત્રાડ પાડી,ત્યાં હણાઈ ગયું જગનું નૂર.

પ્રવીણ તમારું કૌવત શું થયું? કલમ કેમ અટકી ગઈ?
આસીમની ત્રાડ સાંભળી  કડડભૂસ મુજ ગીતના સૂર.

માર્ચ ૩૧,૨૦૦૫
=======================================

================
૨૨૩
આઈ લવ યુ
(તને ચાહું છું)
=======================================

શબ્દ તો ફક્ત ત્રણ હતા, પણ મારું વિશ્વ તમામ હતા;
આમ તો એ આમ હતા, પણ મારું ખાસ ઈનામ હતા.

નયન મીંચી શ્વાસ લીધો, ને પછી પોઢી ગયા;
કૈં પણ બોલ્યા નહિ, જરુર એ છેલ્લા રામ રામ હતા.

ચાલ્યા ગયા જ્યાં સહુ જાય છે; કોઈ ના રોકી શક્યું;

પણ પૂછ્યું તો જોઈતુંતુઃ કૈં ખાસ બાકી કામ હતાં?

એક કિસ્સો પૂરો થયો; એક નાટકનો પડદો પડી ગયો;
નવી ભૂમિકા,નવું નાટક, કિસ્સા પણ નવે નામ હતા.

ફક્ત ત્રણ શબ્દો કેવા ભરચક, કેવા ખાલીખમ હતા?
પ્રવીણ એક દો તીન; ફરી એક્ડે એક; શરુ સહુ નવા આયામ હતા.

માર્ચ ૩૦,૨૦૦૫
=========================================

=======
૨૨૨
જાદૂ
=================================

હું તુજને પ્યાર કરું, તું કહે ક્યાં સુધી?
તું હવે તો પરની અમાનત થઈ ગઈ.

હું તુજને પ્યાર કરું, તું કહે ક્યાં સુધી?
તું હવે તો પરની બાબત  થઈ ગઈ.

હું તુજને પ્યાર કરું, તું કહે ક્યાં સુધી?
તું હવે તો ગેરની મહોબ્બત થઈ ગઈ.

હું તને પ્યાર કરું, તું ના પરાઈ ત્યાં સુધી.
હવે તને જો પ્યાર કરું, કોડી ઈજ્જત થઈ ગઈ.

બન્ને કાંઠે પ્યાર છે, બાંધી દે બની ઉદધિ
'પ્રવીણ,' કેવી જાદૂ જેવી ગમ્મત થઈ ગઈ?

માર્ચ૨૮,૨૦૦૫

====================
૨૨૧
દેહના દામ બસ બે બદામ?
========================================

ભલે હતાં અમે લાકડું, અમે તમને પોઢાડ્યા પારણે.
અંત સમયે વળી પોઢાડવા અમે નનામી થઈ ગયાં.

ક્યાં કોઈ નામ કે ઠામ હતું, એમજ જનમ પામી ગયાં.
જરી ઠરીઠામ થયાં, ને વળી પાછા અનામી થઈ ગયાં.

ઘર, ગામ, સ્વજન વિના, ના કોઈ પણ ઓળખતું હતું;
દરિયો જરીક ભડકી ગયો; સહુ સુનામી થઈ ગયાં.

ગાયો હતી; ભેંસો હતી; ખડ, ખાતર અને ખેતર હતાં;
વટ ને વહેવાર; દેહ સાથે,કોઈ સહગામી થઈ ના ગયા.

પ્રવીણ શિરે શમશેર છે, ગરદન ઝૂકી, ગઈ સમજ;
રાખ રાખી શકે ટ્વાર તો; જો, સહુ સ્વધામી થઈ ગયા.

માર્ચ ૧૭,૨૦૦૫.
========================================

==========
૨૨૦
અટલ વિશ્વાસ
================================

જેનું નથી કોઈ સગું, તેનો સગો ભગવાન છે;
જો ના સમજે આટલુંયે, તો તું ખરે નાદાન છે.

માર્ચ ૩, ૨૦૦૫
=====================================

=====================================
હિંદીમાં અન્યની લખેલી અને ઈમેલમાં
આવેલી કેટલીક હાસ્યકણિકાઓનું ગુજરાતીકરણ.
=====================================
(૧)
ટી શર્ટમાં લાગો છો પ્યારા પ્યારા;
ડ્રેસમાં લાગો છો ખૂબ જ ન્યારા;
પણ સાડીમાં  જોયાનું યાદ નથી;
જરૂર તમે લાગો છો, છો કુંવારા.
---------

(૨)
તું હસી ત્યારે તારા ગાલમાં
શું ખાડા પડ્યા?
હું ગણતો જ રહી ગયો,
કેટલા એ ખાડામાં પડ્યા?
---------

(૩)
કહેવાય છે હસે એનું ઘર વસે છે;
ઘર વસ્યા પછી શું કોઈ હસી શકે છે?
જુલાઈ ૧, ૨૦૦૪
=======================================
=====================
૨૧૯
પ્રેમમાં પડતાં પહેલાં
============================================

કોઈને કરવો હોય પ્રેમ તો કરતાં પહેલાં મને મળજો;
સોદો સો ટકા લાભનો તમને, જો મારી સલાહ માનશો.
પછી કહેતાં નહિ તમને આ વાતની ખબર હતી નહિ;
જો ખોટમાં જાઓ, ચિંતા નહિ, પછી પણ મને મળજો.

કૂવો અને પ્રેમ;  માનવ અને પ્રભુની તમારા પર રહેમ;
બન્ને બહુ ઊંડા; પણ કોઈ કૂવામાં ના પડે એમ;
એક તમે છો ભલા, ઝંપલાવી દો છો જરીક જોયો પ્રેમ;
ડૂબ્યા? તરવૈયા અમે તૈયાર, કાઢશું બહાર હેમખેમ.

શું થાય? પ્રેમ છે આંધળો; અંધને શી ખબર પડે
આ કૂવો છે કે પ્રેમ? બિચારા અંધને શી સમજ પડે?
લાગે તરસ તો જાવ ઘડૂલા પાસ; પી જળ તરસ છીપાવિયે;
તરતા ના આવડતું હોય ને જઈ કૂવે એમ ના ઝંપલાવિયે.

તો પ્રથમ શીખ છેઃ પડતા પહેલાં તરતા શીખી લેજો.
ને કૂવો હોય કે પ્રેમ, નીકળવું બહાર કેમ, એ શીખી લેજો.
તો સુખથી સરશે સંસાર, તરી જશો આ ભવપાર,જોઈ લેજો.
ફોગટમાં આપી સલાહ,કરશે બેડોપાર,આ વાત  માની લેજો

ઓગષ્ટ ૨, ૨૦૦૫

=====

૨૧૮

અરજ

====================================

ખુદા તારી કસોટીની પ્રથા હવે તો થોડી બદલ;
હોય ખોટા તેને પણ બનાવી દે સાચા અસલ.

જાન્યુઆરી ૩૧,૨૦૦૫

=====================================

=======

૨૧૭

ક્સ્મિત

=======================================

ફળને વૃક્ષથી ખરવું,બસ એ પ્રકૃતિનો સંદેશ છે.
તમે સાચા,તમે ખોટા; ના ચિંતા એમને લવલેશ છે.

જાન્યુઆરી ૩૧,૨૦૦૫

=======================================

===============

૨૧૬

આ આપણે

===================================

વણ ધાવણ મોટાં થયાં પીધ બોટલ દૂધ;
બોટલની આદ્દત પડી,બેઠાં ખોઈ સુધબુધ.

ડિસેંબર ૨૩,૨૦૦૪

==================================

==============

૨૧૫

પથ્થર પરમેશ્વર

==================================

મને શીખવા મળ્યું પથ્થર પાસથી
કેમ બની શકાય છે પરમેશ્વર;
ને મળી શિક્ષા પરમેશ્વર પાસથી
કે પૂજાવા  બનવું પડે છે પથ્થર

ડિસેંબર ૨૩,૨૦૦૪

=====================================
==================

૨૧૪

## કવિતા એજ જીવન

=====================================

આજ સુધી કવિતાઓ ખૂબ ખૂબ લખી;
અને વાંચી પણ કવિતાઓ બહુ બધી;
આમાંનું ક્યાં લેશ  પણ છે યાદ મને?
છતાં એ સાચું એણે જ જીવતા શિખવ્યું.

હવે કવિતાઓ લખવાનું બંધ કરું;
અને કવિતાઓ વાંચવાનું બંધ કરું;
વાંચીને લખીને પછી ભૂલી જ જવું ને?
જીવવાનું તો કવિતાએ શીખવી દીધું.

રે જીવ, જે જીવતાં શીખવે તે  ભુલાય?
ને જે ભૂલતાં શીખવે તે કદી ભુલાય?
શરુ કરી દે ફરી કવિતા લખવાનું;
ના ભૂલી જતો જીવવું તું જે શિખ્યો.

પ્રભુ તું છે મારી કવિતા, માફ કરજે
લખીશ,વાંચીશ કવિતા, માફ કરજે.

ડિસેંબર ૬,૨૦૦૪

=====================================

================================

૨૧૩

## પાણી તારી વાણી ન્યારી

=====================================

આકાશે જઈ તારું આ કેવું લટકાવું!
કૂવામાં પેસીને ઊંડે તારું આ સંતાવું!

ધોધ બની જઈ પછડાવું આ ઊંચેથી;
ને બેસી મટકીમાં પાછું છલકાવું!

કદી નહિ પળભર પણ ચૂપ રહે તું;
ચઢી મોભે નેવે ટપ ટપ ટપકે તું;
ઢાળ મળ્યો જરીક કે દડબડ દડતું;
જ્યાં વાટ મળી ના કે ખળખળ વહેતું.

જા ઓ જળ, જ્યાં ગમે ત્યાં નિવાસ કર તું;
જા ઓ જળ, જ્યા ગમે ત્યાં પ્રવાસ કર તું;
આખર સાગરમાં જઈ ભળવાનું છે;
બની ખરું જગને મીઠું કરવાનું છે.

ઓગષ્ટ ૧૩,૨૦૦૪
======================================

==========
૨૧૨
સત્યમેવજયતે
===========================

હું સદા સાચું બોલું છું
એ સાચું છે;
પણ લોકોને એ નથી ગમતું,
એ સાચું છે.
તો પણ હું સાચું બોલતો રહ્યો,
એ સાચું છે.
લોકોને એ હવે ગમવા લાગ્યું છે
એ સાચું છે.
અંતે સાચની જ જીત થાય છે,
એ સાચું છે.
તો આજથી બોલો સત્યમેવજયતે,

જે સાચું છે.

જુન ૨૫ ૨૦૦૪
========================
==========
૨૧૧
ગુરુ ચરણે
==================================

સ્મરું છું પ્રભાતે પ્રભુને હું જ્યારે
નજરમાં તરે છે છબી તમારી ત્યારે.

વાંચું છું કૈં પણ હું જ્યારે જ્યારે
લાગે છે ઊભા છો મારી સામે ત્યારે.

વિચારું છું માઠું કોઈનું હું જ્યારે
ઠપકો દે છે આપની આંખો ત્યારે.

યાદ આવો જ્યારે, સાંજે કે સવારે;
સમય સોનાનો એવું લાગે છે ત્યારે.

પ્રભુ ક્યાં? ના ખબર છે કોઈને?
તમે જ પ્રભુ મારા, અહીં અત્યારે.

સ્વીકારજો નમન મારું, દેજો દુવા
તરી જઈશ ભવ એના સહારે.

(જુન ૭,૨૦૦૪)
========================================

===========

## સ્વાભાવિક્તા

===========================

કવિ હોય તે કરે કવિતા
લેખક હોય તે લખે લેખ.
હસાવવાનું હોય આવડતું,
હસાવવાનો લઈ લે ભેખ.

ચિત્રકાર જો દોરે ના ચિત્ર,
લોક કહેશે એતો વિચિત્ર;
જેને આવડતું જેવું,એવું,
કરતા રહેજો મારા મિત્ર.

રજ હોય તો કહેજો રજ.
રજને કહો ના એ છે ગજ.
પ્રશ્ન આ થયા છે ઊભા
દીધા ઉત્તર, વિના સમજ.

કૈં ના હો, બસ રહેજો ચૂપ;
ઘરે મળવા આવશે ભૂપ.

(એપ્રિલ ૨૩,૨૦૦૪)

===========================

======

૨૦૯

## દુઃખ ?

================

દુઃખ છે, દર્દ છે;
માણે એ મર્દ છે.

(માર્ચ ૯, ૨૦૦૪)
================

૨૦૮
ખબરદાર
=====================

હસે એનું ઘર વસે;
રડે એનું ઘર પડે;
જાગે એનું ઘર આગે;
ઊંઘે એનું ચોર સૂંઘે.

(ફેબ્રુઆરી ૧૭,૨૦૦૪)
====================

======
૨૦૭
ઘર
============================

જોઈએ જ જોઈએ, એક સારું મજાનું ઘર;
મરણ બાદ પણ જુઓ, રચી લીધી ક્બર.

જાન્યુઆરી ૧,૨૦૦૪
============================

=====
૨૦૬
અક્થ
============================

આ બાજુ દરિયા, પેલી પા ડુંગરા;
ધરતી ક્દાચ સમથળ બને.

સૂરજ બળે ત્યાં, પેટાળમાં લાવા;
રોજ ફૂલો પર એ ઝાકળ બને.

હૃદ્યે સ્પંદનો, મસ્તકે આંચકા;
આંખના કૂપમાં, ભમંડલ બને.

પંગતની કથા, મિષ્ટાન્નની વ્યથા;
કોણ કોને શું કહે? પેટમાં વળ બને.

ચૂપ થા 'પ્રવીણ',વધારે બોલ મા;
બધાને જાણ છે, ફૂલ  ફળ બને.

ડિસેંબર ૧૮,૨૦૦૩
==============================

૨૦૫
ખુદાએ કહ્યું :કુન
તો દુનિયા બની ગઈ;
મહોબ્બત બોલી :કુન
તાજમહાલ બની ગઈ.

(કુન=બની જા)

જુલાઈ ૧૦,૨૦૦૫
====================
૨૦૪
ખુદાને કહા કુન,
ઔર જહાં બન ગયા;
મહોબ્બતને કહા કુન,
ઔર તાજમહલ બન ગયા.
(કુન=હો જા)

===================

૨૦૩

તારી આંખનો અણસાર
મારા પ્યાર જેવો છે;
મારી આંખનો અણસાર
તારા પ્યાર જેવો છે;
કરી મેં બાદબાકી
પ્યાર ને અણસાર કેરી તો;
વધ્યો જે પ્યાર તે આપણી
આંખોના અણસાર જેવો છે.

===================

=========================

૨૦૨

જ્યાં હું જ ખુદ નિષ્પ્રાણ હતો
ત્યાં પ્રેરણાનાં પાન?
જ્યાં હું જ ખુદ મૃત્યુ હતો
ત્યાં મોંઘાં જીવનનાં દાન?

=========================

=======================

૨૦૧

પહેલી,છેલ્લી તારીખમાં
આ એક જ તફાવત છે;
પહેલીમાં ચાહત  છે,
છેલ્લીમાં બગાવત છે.

=======================

=======================

૨૦૦

દુનિયા ભલે મને નિષ્ઠુર માને,
હું નિષ્ઠુર છું;
જગત તારી શિસ્ત પ્રણાલિથી
ખરે જ હું દૂર છું;
મારી હૃદ્યદેવી પણ મને
જો ના સમજી શકી;
તો બેચેન છું, બેદિલ છું,
નિષ્ઠુર છું, હું ક્રૂર છું.

======================

====================

૧૯૯

વાસ ના ઈશ્વર તણો
જ્યાં ભાવના બૂરી હશે;
વાસ ત્યાં ઈશ્વર તણો,
જ્યાં ભાવના સારી હશે.

=====================

====================

૧૯૮

મુજ જીવનનો ભર્ગ આજે
તુજ જીવનથી સંકળાય છે;
તુજ જીવનનો અર્ક આજે
મુજ જીવનથી સંકળાય છે.

===================

===================

૧૯૭

સદા હસતી તને હું આજ થી જોવા ચહું;
ગમગીની તારી સદા તુજથી દૂર જોવા ચહું;
એ તુજ ખુશાલીને સહચરી મુજ બનાવી,
મુજ જીવન તુજ જીવન જીવતું જોવા ચહું.

====================

=========
૧૯૬
સામે મંજીલ
=========

બોલનાર સમજીને બોલે
સુણનાર સમજીને ચાલે,
તો રસ્તો સ્વચ્છ અંકાય;
મંજીલ સામે આવીને મળે.

(મે, ૫,૨૦૦૦)
===================

======
૧૯૫
ત્રિરંગો
==========================

ફરફર લહેરે ત્રિરંગો જ્યાં જ્યાં,
ઊઠે હાથ કરવા સલામ ત્યાં ત્યાં.

(જુન, ૩૦,૨૦૦૦)
==========================

======
૧૯૪
ભૂલ
====================

ભૂલ કરી, કર્યું લગન
ને ફર્યો ફેરા ચાર;
કેમ થવું તુજમાં મગન?
ના કર્યો જરી વિચાર.

નવેંબર,૨૬,૨૦૦૦
====================

======
૧૯૩
પ્રાપ્તિ
====================

એને શું ગાદી-તકિયો?
કે એને શું વનવગડો?
એ રહે બસ મસ્ત નિજમાં;
ના કશાથી એને ઝઘડો.

નવેંબર, ૨૬,૨૦૦૦.
===================

=======
૧૯૨
મજલ
=================

હું તારામાં

તું મારામાં,
હું મારામાં
તું તારામાં;
કોણ કોનામાં
કોણ ફરે આ?
ઘડી ઘડી
તારા-મારામાં?

નવેમ્બર ૨૬,૨૦૦૦.
=======

======
૧૯૧
સહકાર
====================

એક પક્ષ જો પડતું મૂકે,
બીજો પણ થોડું એમ જ ઝૂકે;
તો જીવતરની સીડી પરથી
સ્વર્ગસુખ ઊતરતું લાગે.

(ડિસેંબર ૬,૨૦૦૦)
=====================

===========
૧૯૦
નવાં મકાનો
========================

હવે ચણાશે જે મકાનો,
ત્યાં સીડી-લીફ્ટ હશે નહીં
ફટાક ઉપર પહોંચી જવાશે,

ફૂટશે બૉંબ જ્યાં ધડાક દઈ.

(ડિસેંબર ૬,૨૦૦૦)
========================

========
૧૮૯
સ્વભાવ
================

દૂધે ધૂવો કોલસો,
બદલે ન કાળો વાન;
ધોળું પણ કાળું કરે,
એક જ વાતનું ભાન.

ડિસેંબર ૬,૨૦૦૦

================

============
૧૮૮
પૂર્ણાત પૂર્ણમ
===========================
(રાત્રિના સાડા
ત્રણનો સમય.
સૂમસામ,નીરવ
અશબ્દ ગતિ.અંતરના
ઉર્ધ્વગમનનો પ્રચંડ
જોશ.)
..............................

કંઈ નથી..કંઈ નથી

છતાં બધુંચ છે.
દૂર દૂર
અતિ સમીપ
છતાંય પ્રાપ્ત ના.
પ્રકાશની બહિર્રેખા..
શૂન્ય શૂન્ય
અંતર ધન્ય ધન્ય.
શું બધું આ?
કંઈ નહીં કંઈ  નહીં
હું નહીં તું નહીં..
શૂન્ય શૂન્ય?..
ના  .......  ના
પૂર્ણ  .....  પૂર્ણ.
હા,
પૂર્ણ પૂર્ણ
===========================

================
૧૮૭
મોંઘી માનવતા!
તને કરી અર્પણ,
સહજ માનવ બનું!
==============

======================
૧૮૬
હું નજદીક આવું છું,
તમે દૂર જાઓછો;
જીવનની દડમજલમાં
નિરાશાઓ લંબાવોછો.
પાસે ના બેસો, કંઈ નહીં,
જરા દૂરથી તો જોવા દો,

તમારા રૂપની ઇંદ્રજાળે,
મને જરા તો ફસાવા દે.
======================

================================
૧૮૫
વીજળીના દીવામાં છે મને શ્રદ્ધા,
ચાંપ દાબો ને એ સેવામાં હાજર છે.
વીજળીના ઝબકારામાં ના જરી શ્રદ્ધા,
ક્ષણ એક ઝબકી એ થવાનો ફરાર છે.
================================

===========================
૧૮૪
જોઈને કવિની નિમગ્નતા દૂરથી,
ભાઈ એક બોલ્યા વદી સ્મિતથી;
શું લખો છો? કવિતા લખો છો?
નિમગ્નતા ગઈ કવિની મન માંહેથી.
આદર્યું અધૂરું રહ્યું, કલમ ત્યાંથી સરી,
ને નિબંધ ગયો આ કવિતામાં ફરી.
==========================

=======================
૧૮૩
પ્યાર એક એવો અગ્નિ છે,
જે સદા બીજાને બાળે છે;
કોઈ બેને વાત કરતાં જોઈ
જુઓ કેટલાં હૈયાં પ્રજળે છે?
=======================

===========================
૧૮૨

બહુ મોટા બનો ના કદિ,
મોટાઈમાં ના માલ બહુ છે;
મોટો બન્યો આ જુઓ સમંદર,
તો એનાં ખારાં પાણી બન્યાં છે.
============================

==============================
૧૮૧
ઊંચે ચઢો જો કદિ તમે તો
પતન તમારી સામે ઊભું છે;
ઊંચે ચઢેલા આ જળબિંદુને
પડી ધરતીમાં સમાવું પડ્યું છે.
==================
૧૮૦
કાજળ કાળી રાત હતી,
સીમે સઘળી શાંત હતી;
વસમી વનની વાટ હતી,
આગિયાની વણજાર હતી.
======================
૧૭૯
કો ‘ કન્યાના ભાલની ટીલડી સમી,
એક નાવ રહી દરિયે સરકી;
નિજ હૈયાના જંપ અજંપ ભૂલી,
એક તારક ધ્રુવ રહી નીરખી.
=======================
૧૭૮
આ સંસારે સ્વારથ કાજે,
માનવ મથતા એતો સહેલ;
ચંદન સમ પર કાજ ઘસાવું,
એજ ખરેખર છે મુશ્કેલ.
=======================
૧૭૭

મેં ચાહી દુનિયાની મૈત્રી,
મેં દીધી દુનિયાને મૈત્રી;
દુખનાં વાદળ ઘેર્યાં ત્યારે,
ધરી ના કોઈએ શિરે છત્રી.
=======================
૧૭૬
તમારા જીગરમાં દર્દ છે,
અમારા દર્દમાં જીગર છે.
=======================
૧૭૫
ખુદાના ખલ્કની માંહે,
રહ્યો છે પ્યાર યુગોથી;
હજુયે તૃપ્ત ના ઈચ્છા,
કે જીવે છે પ્યાર યુગોથી.
=====================
૧૭૪
ખુદાને ચાહી તું લેજે,
કે એનો પ્યાર છે પૂરો;
અગર ચાહી શકે ના તો,
પ્રેમ તારો છે અધૂરો.
====================
૧૭૩
મહેંકતું મોંઘુ ફૂલ ગુલાબી,
કરમાતું તું શીદને આબી;
સુખડ જાતે નિત્ય ઘસાઈ,
પ્રસરાવે સુગંધ ગુલાબી.
=======================
૧૭૨
પુષ્પ કેરા પ્રેમીઓ
આ પાંખડી જોતા જજો,
પ્રેમ ઘેલા આ આદમીની,
આંખડી લોતા જજો.

=====================
१७१
મહોબ્બતનો દીવાનો છું,
હું દુનિયાથી નથી ડરતો;
કરું છું પ્યાર પુષ્પોથી,
હું કંટકથી નથી ડરતો.
====================
१७०
મહોબ્બતનો દીવાનો છું,
હું શમાનો પરવાનો છું;
ખબર છે આ પ્રેમ પતંગાને
હું એક દિન બળી જવાનો છું.
====================
१६९
પ્રિયે પ્રિયે તુજ હ્રદ્યની
આગમાં જો બળું હું;
તોયે તારા નયનપટમાં
તોય* કાં હું ના ભાળું?
મેં માગ્યું તે મળ્યું ના મુજને;
શોક તેનો જરી ના;
ચાહું હું તો બની કંકણ
હસ્ત તારો સુહાવું.

*તોય=પાણી
=====================
१६८
વરસ ઢળેને લોક-દિવાળી,
મળતી વરસે એક દિવાળી;
સાંજ ઢળે ને રંગ ઢળે,
મળતી મુજને રોજ દિવાળી.
=====================
१६७

મહોબ્બતે કહ્યું: રૂક જા;
પણ દિલે કહ્યું: ઝૂક જા.
========================
૧૬૬
ઘર ઘર કિશોરોને અરે
જ્યાં અન્ન ની ના આશ છે,
શ્વાસ ના ત્યાં;
ઉના હૃદયના,
રક્ત તણા નિશ્વાસ છે.
=======================
૧૬૫
હજારો પ્રેમની ક્રીડા અહીં
મેં ખેલાતી દીઠી છે;
હજારો દર્દની પીડા અહીં
મેં રેલાતી દીઠી છે;
ઈશ્વરના જગતનું આ નાટક
સર્જન જૂનું છે છતાં,
પ્રેમની ક્રીડા, દર્દની પીડા,
અહીં ના અટકાતી દીઠી છે.
==========================
૧૬૪
ખોવાયેલી કથા ભલી,
છો સ્વપ્નમાં ના આવતી,
કિંતુ ચિંતા ઉરે છે એટલી
ત્યાંથી ના ખોવાઈ જાતી.
==========================
૧૬૩
મુકદ્દરમાં તો મારા
હેતના સાગર લખાયા છે;
તો મિત્રોના હેતમાં મેં
સાગરની ખારાશ ભાળી છે;
જીવનના કેટલાંયે

સત્યોની મધુરપમાં
સત્યોની તસ્વીરને જ
મેં વારંવાર ભાળી છે.
======================
૧૬૨
ચોગમ ફરતી ધરતી તારું*
કેવું રૂપાળું બિસ્તર છે?
અદ્રશ્ય આ વાયુનું તારું
કેવું નિરાળું વસ્તર છે?
ને પ્રભુની આ નગ્ન મૂર્તિને
અહીં વંદન હજારો વાર છે;
ધન્ય માનવ,
તારી જ આ નિર્વસ્ત્ર મૂર્તિને
અહીં ધિક્કારો હજાર છે.
(*નિર્વસ્ત્ર ભિખારીને જોઈને)
=====================
૧૬૧
ક્ષમા કરજો કંઈ
બે-અદબી થાય તો,
અંતર મારું ઉકેલી વાંચજો;
લખ્યું છે રક્તથી મારા મેં
સદા મારું બૂરું થાજો,
સદા સહુનું ભલું થાજો.
=======================
૧૬૦
આ સાથી અમારો આજ
સૌથી પહેલો છૂટો થાય છે,
અમને સૌને પાછળ મૂકી
જુઓ કેવો આગળ જાય છે?
ફટરે ભૂંડા નહોતો જાણ્યો
તું હોઈશ આવો સહેલાણી!
કે મરીને પણ તું અમારી

કાંધે ચઢીને જાય છે.
========================
૧૫૯
પ્રથમ ચુંબન,પ્રથમ ઉષ્મા
જીવનની ભેટ કંઈ ધરશે;
અરે જાલિમ મેં ધાર્યુંતું
તને દિલમાં કંઈ થાશે;
અને તુંતો કહે છે કે
'મને કંઈ પણ નથી થાતું',
નહોતું મેં કદી ધાર્યું
કે તું આવો દિલ વિનાનો હશે.
========================
૧૫૮
જીવનમાં આજ મેં મારા
નવી એક વાત જાણી છે;
પ્યારો છે પતંગ *દીપકને
ના એ વાત છાની છે;
પતંગ કાજે ઝઘડતો આજ
મેં **દીપકને દીઠો છે,
મળ્યો જ્યારે મેં જોયું તો,
પતંગની પાંખ તાણી છે.
(**નામ; અને દીપક=દીવો;)
(પતંગ એટલે પતંગિયું અને ઉત્તરાણનો
પતંગ(કાઈટ))
===========================
૧૫૭
કારણ વગર
===========

તમને રડવું આવે છે
અમને હસવું આવે છે
તમને પણ કારણ વગર

અમને પણ કારણ વગર
તમારી આંખોમાં આંસુ
આવે કોઈ પણ કારણ વગર
અમારી આંખોમાં આંસુ
આવે કોઈ પણ કારણ વગર
લક્ષણ આ સાચા પ્રેમનું
વિષનો પ્યાલો પીતી મીરાનું
લક્ષણ આ સાચા પ્રેમનું
તાથૈ તા થૈ નાચતી મીરાનું.
(જુન ૧,૨૦૦૧)
=============

૧૫૬

હાલનો સૂરજ

---------------------

પ્રથમ સૂરજ ઠંડો હતો.
એક દિવસ નભથી એવો પડ્યો
બૂરજની તોપ પર
કે બની ગયો પલીતો તોપનો.
તોપનો ગોળો પછી એવો વછૂટ્યો
નભ ઉપર સૂરજ બની ચોંટી પડ્યો.
હવે સમજાય છે?
દિવસભર આ બાળે છે એ કોણ?
હા, એ બની બેઠેલો સૂરજ,
બૂરજની તોપનો ગોળો.
(જુન ૧૪,૨૦૦૧)
============

૧૫૫

જળ ,વાદળ ,જળ
જન્મ,મૃત્યુ,જન્મ
============

દરિયે ભળ્યું
નદીનું જળ ;

હવે એ જળ
ગયું આભના ગાભમાં;
બની વાદળ
ફરી પાછું
નદીમાં ભળી
ચાલી નીકળે
દરિયા તરફ
બનવા વાદળ.

સમજ પડે ના.
સમસ્યા જટિલ  આ.
જન્મ મૃત્યુ
વળી જન્મ
જેવી જટિલ
આ સમસ્યા.

ચાલવા દો ત્યારે
ચાલી આવતી
આ નિશ્ચલતાને.

આપણે તો બસ હવેથી જળ
સાથે રાખો સંબંધ સરળ;
પીધા કરો પિવાય  એટલું નીર.
શું નદી હોય  કે શું હોય  વાદળ?
(જુન ૧૫,૨૦૦૧)
==========

૧૫૪
હું તું એક જ
============

હું વૃંદાવન, હું છું કાશી;
હું પાણિપત ને હું જ આ ઝાંસી;
હું જ બુદ્ધ છું ને ગાંધી;

હું જ આ શાંત હવામાં આંધી.

હું કાગની કાકા, ને કોયલની કૂકૂ;
ઋતુઓમાં વસંત કે પતઝડ તે હું;
આ પૂજન પણ હું ને ભક્તિ પણ હું;
સુદામો કે સુદર્શન શક્તિ પણ હું.

હું જ સાજન ને હું જ છું સજની;
હું જ દિવાકર ને હું જ છું રજની;
ફૂલ પણ હું છું, આ માળા પણ હું;
પહેરી લઉં મુજ ડોકે, જાણે હું જ છું તું.

કહે હવે તું કોણ ને કોણ છું હું?
તું રહે મુજમાં, તુજમાં રહેતો તે હું.
(જુન,૨,૨૦૦૧)
============================

૧૫૩
દીપક જ્યોત ઝલાયે
==============
રાત એકાકી,હુંય એકાકી
જીવન અધૂરું ભાસે,
આંખ છલકતી ઉર આંસુથી
દીપક જ્યોત ઝલાયે
પ્રિયે, દીપક જ્યોત ઝજલાયે.

મન મુરઝાણું, હ્રુદય ઘવાણું
પ્રેમળ એ પરિતાપે,
આજ મને એ ખૂબ સંતાપે
આંખોમાં આંસુ ના માયે
પ્રિયે, દીપક જ્યોત ઝલાયે.

હૈયામાં વસીને, દૂર ખસીને
દીધો તેં આતમતાપ રે,
આંખો વહાવી, પણ તું ના આવી
દૂર રહી મલકાયે.
પ્રિયે, દીપક જ્યોત ઝલાયે.
==========================

૧૫૨
બેફિકર
----------
જેણે પહેરી લીધું માથે કફન
એને શું સિંહાસન કે શું દફન?
(૦૭-૨૦-૨૦૦૧)
------------------------------------------

૧૫૧
પાઘડી
---------------
જેણે બાંધી માથે પાઘડી
પ્યારી ઈજ્જત એને હરઘડી;
ઊતરે ના શિરથી એ કો' ઘડી
જીવન જાયે આ ઘડી કે તે ઘડી.
(૦૭-૨૦-૨૦૦૧)
------------------------------------------

૧૫૦
પૈસો કંઈ નથી
-----------------------
પૈસો વસ્તુ ખરીદી શકે
જો વસ્તુ વેચાણે હોય;
પણ હું કોઈ વસ્તુ નથી
મને ખરીદી શકે ના કોઈ.
(૦૭-૨૦-૨૦૦૧)
-------------------------------------------

૧૪૯

વિકાસ
-------
ઈશ્વર કૃપા
બિંદુ બની
નભથી ઝરે
ધરતી ઉરે;
ઝરણું બની
નદીમાં ફરી
સાગર બને;
ઈશ્વર કૃપા
જન્મી શિશુ-તને
કૃપાળુ ઈશુ બને.
(૦૭-૨૦-૨૦૦૧)
================
૧૪૮
મનુજ અવતાર
==============
બીજ થઈ તડાક ફાટી જવું;
થડ પર ફટાફટ ચઢી જવું;
શાખા પ્રશાખા,ફૂલ અને ફળ થવું;
ફરી બીજ બની તડાક ફાટી જવું;
ફરી થડ,શાખા પ્રશાખા ફૂલ,ફળ;
વૃક્ષનો સરેરાસ આ જ ઈતિહાસ છે.

સૂર્ય થઈ વહેલું ઊગી જવું;
બની પ્રભાત પ્રસરી જવું;
પ્રહરોમાં વીખરાઈ જઈને
સાંજ થઈ રાતમાં સરી જવું;
ફરી પ્રભાત,પ્રહર અને રાત;
સૂર્યનો સરેરાસ આ જ ઈતિહાસ છે.

બૂંદ,બેબી,બાળક, માનવ અને મૃત્યુ;

મૃત્યુ બાદ મળ્યો જો મોક્ષ તો? તે પછી?
તે પછી બસ રહે અનંત અવ્યાબાધ સુખ;
કેવો મહાન માનવ તણો અવતાર છે?
ન ફરી બનવું બૂંદ, બાળક ને માનવી.
ફક્ત માનવનો જ આ સરેરાસ ઈતિહાસ છે.
==========================
૧૪૭
ક્ષણ ક્ષણ  જીવન મરણ
========================
સવાર કહોકે કહો સાંજ
કહો ગઈ કાલ કે કહો આજ;
વળી પ્રકાશ વા અંધકાર,
બોલો ભરબપોર કે અર્ધીરાત.

વાર અને દિવસો
તિથિ અને તારીખો;
સપ્તાહો અને પક્ષો
માસ,ઋતુ અને વરસો.

કાળની ચાદર આ
બની પળો અને ક્ષણોની;
આંટીઘૂંટી ચાદર આ,
કાળચક્કર ચાદર આ.

ક્ષણોનું ભજન-કીર્તન,
એજ મૃત્યુ, ને એજ જીવન.
=======================
૧૪૯
તમે-અમે
============
તમે સ્વર બની ગજવજો,
અમે પ્રગટ્શું ગાઈ સૂર;

અમે ખીલશું બાગ ગુલાબ,
તમે બનજો બાવળ શૂળ.
૬/૪/૨૦૦૨
=================
૧૪૫
રેતી
=====
હું રેતી છું, કણ કણ જીવતી,
રણ,સાગરકાંઠે નિવાસ કરતી;
કદમાં કીડી, એક ફૂંકે ઊડું,
મૂઠ્ઠીમાં માતી, સર સરર સરતી.

નિર્મૂલ્ય જગ નજરે હું સદા,
રેતી હુ તેલ વિનાની,રસ્તે ઝૂરતી;
મારે કાજે કોઈ અહીં ના રોતું,
રેતી છું ને! સહુની હડફેટે ખાતી.

પણ રણમાં શું કદિ ફર્યા છો?
કદ મારું કેવું? વૈશાખી વાયર જો;
ભર બપ્પોરે પગ મૂકી જોજો,
ફૂટે માથું દરિયો મેં કેવો નાથ્યો જો.

નબળી માની ના ઠોકર મારો;
મૂકું લાજ, ધરતી-અંબર એક કરું જો.

================================

===============
૧૪૪

ભાગ અહીંથી

======================

સંતને પણ જે આપે સંતાપ,
પહોંચે તેને કોણ? કહો આપ.

સંતાનોને જે કરાવે વિલાપ,
પહોંચે તેને કોણ? મારા બાપ.

ડગલે પગલે, ખોટો હિસાબ,
તાળો કેમ મળે? છે કૈં જવાબ?

પગે પડું પ્રભુ, શું કરું હવે?
આવા જણથી રક્ષો, દીનાનાથ.

ભાગ પ્રવીણ ભાગ, જલ્દી ભાગ;
હમણા આવશે એ, ખેંચશે હાથ.

=====================

૧૪૩
ફળફળાદિ
અન્ન,પેટનો કૂવો,
સૂકોનેસૂકો.
====

૧૪૨
વીજકડાકા
મેઘ અનરાધાર
લીલોદુકાળ.
====
૧૪૧
કોટનું ખિસ્સું
ખાલી;બેંકનું ખાતું
ભર્યું ભાદર્યું.
====
૧૪૦
હુંસાતુસીનો
ખેલ;ભેરુ આખડે,
પાડો-પખાલી.
====
૧૩૯
કમર નમી
દાદા;ખેલ આચુનો,
કાળ ખેલતો.
====

=====

૧૩૮

જામ ભર્યો છે
સાકી;પીધાં પહેલાં
ખર્ચી પાંદડા.

=====

=====

૧૩૭

હજી સવાર
વાર;માળામાં પંખી
ઘોર નિંદ્રે.

=====

૧૩૬

આંખોમાં આંસુ
સૂકા ગાલ ઉપર;
તિરાડ ભીંતે.

=====

૧૩૫

ગામ ગોંદરે
ભેરુ ;મોયદાંડિયાં
વાટ જુએ છે .

=====

૧૩૪

ભરમ ભાંગે
જોગી ;ચપ ચિપ િયો
ચલમ ઊડે .

=====

૧૩૩

નદીઓ સૂકી

દોડે જળ શોધવા
સાગર તીર .
====
૧૩૨
ભૂખરાં પર્ણો
લીલાં વસસંત વેણે
ચકલી બોલી .
====
૧૩૧
કબૂતરનું
જોડું ;નીરસ રાતે
પ્રેમ પ્રગટે .

=====
૧૩૦
====

====
૧૨૯

====

====
૧૨૮
====

====
૧૨૭
====

====
૧૨૬

=====

૧ ૨ ૫

મદારી ,સાપ ,

કર ંડિયે રેશમી

ગૂંચળું સૂતું .

====

====

૧ ૨ ૪

ગુલ ગુલાબ

કાંટાના મહેલમાં

સલામત છે .

====

====

૧ ૨ ૩

કેસર ક્યારી

રંગ છે કાળી માટી

જાણે કેસર .

====

====

૧ ૨ ૨

વાણિયો વેચે

તલ ,તમાકુ ,તેલ ;

ખેડૂ ખેતરે .====

====

૧ ૨ ૧

કડકડતી

ના ઊનનાં કપડાં .
સૂરજ તપો .

====

====
૧ ૨ ૦
સૂકું પાંદડું
કીડીબાઈની હોડી
નદી તરે છે .

====

====
૧ ૧ ૯
માથે સૂરજ
બળે આભ અટારી .
તરુ શીતળ .

====

====
૧ ૧ ૮
મનમયૂર
બાવળની ડાળીએ
તાથૈ તા થૈથૈ .

====

**૧૧૭**
**અમે તો ગયા**
**ઘરે; તમે શું કામ?**

વાત રાતની.
===============
૧૧૬
ખાલી કોડિયું
ગોખે; ફાનસ રામ.
ઘરે ઝગારા.
===============
૧૧૫
બારણે તાળું;
બારી ઉઘાડી ફટ;
રડે તિજોરી.
====

૧૧૪
ક્રમે લખ્યું
કામ;ધરમે ધાડ;
ધરમ કર્મ.
====
૧૧૩
કેળાનુ શાક;
બટાટાની સોડમ;
જીહ્વા ધર્મ.
=========
૯/૧૦/૨૦૦૪
=========
૧૧૨
ઉપર બેઠો,
આગળ પાછળ તું
બસ તુંહી તું.
=====
૧૧૧
અમે તો દૂર;

તમેય ના નીક્ટ;
વાટ વિક્ટ.
=====
ગાડી ગગડી;
પાટા લીસા લપસ;
વગડો શૂન્યા.
=====
૧૦૯
પાડ ના ઘાંટા;
બધિર કાન છે આ;
ચકલી ચીંચીં.
====
૧૦૮
ના લખ પત્ર;
મોક્લ ઈમેલ તું;
ટપક ટપ.
====
૧૦૭
માર ડૂબકી
આકાશી રત્નાક્રે;
મોતી તારલા.
=====
૧૦૬
મણ મણના
ગોળ ગોળ લાડ્વા
ચાંદોસૂરજ.
==================

૧૦૫
---------
મોજાં ઊછળે,
તળે;ગગન ડૂબે,

**મન મગન.**

**---------**

**૧૦૪**

**મૃગજળ છે**
**છળ; તરસ્યું રણ**
**જળ પી ગયું.**

**---------**

**૧૦૩**

**દૂરદર્શન**

ખરું,હસવું આવે
પડદા પર.

---------

૧૦૨

દૂરધ્વનિનો
રવ,નીરવ થયો;
વાતો બસૂરી.

---------

૧૦૧

હમણાં હસ્યાં,
સાચું? તમેજ જાણો,
અંતર ચૂપ.

---------

૧૦૦

ઘડિયાળમાં
વાગે ટકોરાબંધ,
સમય ચૂપ.

---------

૯૯

ઊંઘ્યા તમેતો
ખૂબ;કોણ જાગે છે?

તાળું જીહાચે.
---------
૯૮
ફાઈલ ખૂલી
ગઈ;બધું ૨ બંધ,
ભૂખ ઊઘડી.
---------
૯૭
વાદળ ગાજે
પાણી,ગુલાબફુલ
ઝાકળ ડૂબ્યું
---------
૯૬
સરવરનું
જળ કાગ પી ગયો;
ઘડે કાંકરા.
---------
૯૫
જમણવાર
ખૂબ સારો હતોને?
રવ્વે પાટલા.
---------
૯૪
આંખો ઉઘડી
કાચી;બિસ્તર સૂમ
ચોણ રહ્યું આ?
---------
૯૩
હમણાં તારું
નામ;કામ છે તારે?
અવાજ બંધ.
---------

૯૨
હોઠ બીડેલા
સારા;નયણાં બંધ.
સુખી થવું છે?
---------
૯૧
પ્રકાશ ખૂલ્યો,
બંધ આંખોમાં ઉગ્યો
અગન ગોળો.
---------
૯૦
ગોળ મટોળ
પેટ;સદ્યિોની ભૂખ
ઉઘડી ગઈ?
---------
૮૯
આજ તમારું
નામ ઘરઘરમાં
દીપ પ્રગટ્યા.
---------
૮૮
અમે જાગશું
તમે ઊંઘો નિરાંતે.
ઘણું કામ છે.
---------
૮૭
પતંગિયાની
પાંખો;ભાત ભાતના
રંગોની હોળી.
---------
૮૬
ખુરસી માથે

બેઠો પ્રધાન સારો,
પ્રજા ખુશાલ.
---------
૮૫
સરગમની
તર્જો;ભીની પાંપણ,
ક્મક્માટી.
---------
૮૪
હોળી બાળશે
કાષ્થ;અંતર બળે,
કોણ બાળે છે?
---------
૮૩
ફૂલશાં ફોરાં;
વરસે ચારે કોર;
કોરા ને કોરા.
========
૮૨
ભીતર ભીનાં
વૃક્ષ,બહાર સૂકાં;
પાનખરોમાં.
========
૮૧
વનની વાતો
વાટે,વાતના વેલા
વન વનમાં.
========
૮૦
શેરીમાં છૂટ્યાં
લોક,ધણમાં ગાયો
ગીત ગોંદરે.

=======

૭૯

અથાક થાક

આમ,વિશેષ થાક,

જ્ઞાન વિપાક.

=======

૭૮

નળમાં પાણી

ચક્ક,કૂવા હવાડા

કરે ભજન.

=======

૭૭

સૂરજ ઉગ્યો

લાલ,આથમે લાલ,

વચમાં ધોળો.

=======

૭૬

મચંક અંકે

દૂધ,ઢોળાયું રાતે,

અવનિ અંગે.

=======

૭૫

સૂરજ તાપે

દેહ,બલે ભડકે

શીત તરઆમાં.

=======

૭૪

ઢળ્યું જીવન

અંતે,ભરી જવાની,

બાળક રોતું.

======

૭૩

જનમ જથા
કથા;પ્રભાત રાત,
ઈતિ અથેતી.
=======
૭૨
ઉગ્યા બાવળ
આભે,બની વાદળ
વરસે શૂળો.
========
૭૧
તડકો જંખે
પાણી;આંખો ડૂબતી
આભ ઊઘડે.
-----------
૭૦
રેતીનાં રણ
ઊડે;નિર્લજ પાણી,
ઊંટ ડૂબતું.
-----------
૬૯
પગમાં પાણી
ઘસે,ફૂલ ખીલતું
રંગબેરંગી.
---------------
૬૮
મોજાં ઊછળે
ઊંચે,ગગન તળે
સૂકું ને સૂકું.
---------------
૬૭
દરિયો ડૂબે
આઘે,પવન સરે,

નજર ખારી.

---------------

૬૬

સૂર્ય ક્ષિતિજે
સ્થિર,હવે શું થશે
અજવાળાનું?

---------------

૬૫

મોર ગહેકે
મેઘ અનરાધાર,
કાપે કાળજું.

---------------

૬૪

કોયલ બોલી
બોલ,ફૂલ ઉઘડ્યાં,
રંગબેરંગી.

---------------

૬૩

ઝાકળ માથે
ઝૂલ,પતંગિયાની
પંગત ઊડી.

---------------

૬૨

ભર બપ્પોરે
ચાંદો,ણિંદર રાતે,
શું.ન હવે થાશે?

---------------

૬૧

કેરોસીનનો
ડબ્બો;ઝાકમઝોળ,
અંગો બળતાં.

---------------

૬૦
પાલવ સાડી
ચોળી,ભાતીગળ આ
આંખો ચોળતી.
---------------
૫૯
ઘરમાં આવી
વહુ;સૂનું આંગણું,
બહાર આવી.
---------------
૫૮
ક્નિેમા આવી
ડબ્બે,એક પૈસામાં,
સજળ આંખો.
---------------
૫૭
જગત પિતા
જાગ; તારું નિરાળું,
મારું,તમારું.
---------------
૫૬
પ્રાર્થના થશે
પૂરી;વંદન મારાં,
વાંઝિયા મેણું
------------
૫ ૫
ઝળહળતું
ઘર ;દી જવાયું ;
કાજળકાળું
-----------
૫ ૪
પેટમાં આગ

લાગી ;ખાલી હાથમાં
કોળિયો વાયુ .
-----------
૫ ૩
કિરણ કોરાં
સાવ ;સૂરજ સૂનો ;
વાદળ સૂકાં .
------------
૫ ૨
ફોટે મઢેલું
રૂપ ;સોના કિનારી ;
રંગની રાણી
-----------
૫ ૧
દરિયો ડોલે
બોલે ,લહેર મોજાં
ગાંજે માને ના .
-----------
૫ ૦
લાડ લડે છે
લાડી ;ઘરની વાડી
ખીલી જવાની .
-----------
૪ ૯
આંખો બોલે છે
ચૂપ ;ખેલ ખેલતી
લાડકવાયી .
-----------
૪ ૮
ઘરની ભીંતો
ખડી ;નિંદરભીન
ચિરવિદાય

------------

૪ ૭

બાવળ ડાળે
મોર કરતો શોર
સહુ સાંભળે .

--------------------

૪ ૬

પોપટ મીઠું
તીખો ;પિંજ ર પેઠો ;
નકલી વાતો .

---------------

૪ ૫

ચીંચીં ચકલી
માળે ;ગૂંથતી જાળી ;
ભવની ભારી

---------------

૪ ૪

ખોવાઈ ગયો
અહીં ,ભવાટવીમાં ;
સંસારી શેરી .

---------------

૪ ૩

નકલી નાતો
તારો ,લાગે છે સારો ;
મધની ઝારી .

---------------

૪ ૨

ચાર દિશાના
સ્થંભ ,પવનસીડી
નભે તાર લા .

---------------

૪૧

આંખો નિશ્ચલ
ગતિ ;ધ્રુવતારક ,
ચળ -અચળ .

---------------

૪૦

રુપ નિરાળું
તારું ,હે ભગવાન ,
દરદાગિને .

---------------

૩૯

હું શોધું ઘર
મારું ;પગ ડગતા ,
પૂછવું કોને ?

---------------

૩૮

સિદ્ધપુરની
જાત્રા ,સાવ સસ્તેથી
ઘરમંદિરે .

---------------

૩૭

મૃગજળની
વાતું રણ સાંભળે ;
સૂરજ હસે .

---------------

૩૬

મનનું મોતી
મોળું ;ટપાક તુટ્યું ;
ધોળું વાદળ .

---------------

૩ ૫

આશા પંખીની
પાંખ શિકારી કાપે
હસતે મુખે .

----------------

૩ ૪

આજ હું ખુશ
ખુશ ;ખુશ ધરા ને
ગગન ખુશ .

----------------

૩ ૩

ભર બપોરે
ચાંદો ;અડધી રાતે
સૂર્ય ઊગશે ?

--------

૩ ૨

લાડ લડે છે
લાડી ;ઘરની વાડી
ખીલી જવાની

--------

૩ ૧

તન ટબમાં
ન્હાય ;તનનો મેલ
ટબમાં ન્હાય .

--------

૩ ૦

ફૂંફાડા મારે
સાપ ;બહાર શૂરો ;
ઘરમાં ફોસી .

--------

૨ ૯

છોકરોડરી

ગયો ;બાપ બગડે

બૈરી ઉપર .

--------

૨ ૮

બારી ઊઘડી

કર લંબાયો ;ફ્રૂડુ

પીવાનું પાણી .

--------

૨ ૬

પોપટ બેઠો

ખાય મરચું તીખુ ;

મધથી મીઠું .

--------

૨ ૬

કોયલ બોલે

આંબે ;મોર ગહેકે ;

તનમાં તાપ .

--------

૨૫

પાણી વરસે

આભ;વીજ ઝબૂકે ;

થડકે છાતી ..

--------

૨૪

વીજ ઝબૂકે ;

આકાશ મારે આંખ

વસુંધરાને .

--------

૨૩

પાનખરે એ
ખરે ;વસંત દાળે
જોબન ઝૂલે .

--------

૨૨

મનનાં મીત
મટે ;તનનાં ગીત
રણે ભટકે .

--------

૨૧

વનનાં વન
ઘટે ;મન ભીતર
તપે સૂરજ .

--------

૨૦

વાતો કરતી
ઘડી આજ અરવ
ટકટકમાં .

============

૧૯

પલંગ બંધ
આંખે કરે ચિંતન
કોણ સૂવાનું ?

-------

૧૮

ઝરઝરતી

આંખો ;મીઠું વહ્નન ;
હળવી ફૂલ .
-------
૧૭

ઘરની વાતો
ઘરે ;બહાર શોભે
ઝાકઝમાળ .
------
૧૬
મંગળ ગીતો
ગાય ;મનનાં મીત ;
નીર રણમાં .
-------
૧૫

તનનો હાર્યો
થાકે ;મનઓ માર્યો
પૂર્ણવિરામ .
==============
૧૪

ચાંદો ચમકે
આભે ; ચાંદની ચો કે
ચૂડી રણકે .
==============
૧૩
વાદળી ખેલે
આભે આંખમિચોલી
વાદળ સંગે .
==============

૧૨
ધોળો પડદો
લાલ ,પીળુંને લીલું ,
બધું બતાવે .
==============
૧૧
અમારા ઘરે
તમે ? સૂરજ શોભે
ઝળહળતો ..
==============
૧૦

દીપમાં વાટ
પડી ;દરમાં સાપ
સળવળે છે .
==============
૯
કરંડિયામાં
ફૂલો ;છોડ બાગમા
રુદન કરે .
==============
૮

ટેબલ પર
પવાલું તરસે છ ે ;
પાણી રે પાણી .
==============
૭
ફૂકર મારે
સીટી ;ચેતો જરાક ;
આભ ફાટશે ?.
==============

૬
ધુંવાધાર છે
ધોધ ;પાણી સંતાયું ;
માત્ર વાદળો .
===============
૫
વૃક્ષની નીચે
દર ;દરમાં સાપ ;
બાપ રે બાપ .
===============
૪
સાપ ઉપર
ડાળે ;નીચે ચકલી
ચીંચીં કરતી .
===============
૩

મોરે ટહૂકો
કર્યો ;આભ ઝબક્યું
અનરાધાર .
==૨==

કોણ કહે છે
નથી ?હાથ લંબાવો .
મૂઠીમાં હવા .

==૧==
નભ ઝૂક્યું તે
કાનો ;કેડી ચઢે તે
રાધા રાણી કે ?
(ઉપકૃત સ્વ .પ્રિયકાંત મણિયાર )
===============